# ચન્દ્રયાત્રા અને પૃથ્વી સંબંધી રસપ્રદ પ્રશ્નોત્તરી

(પૂ. પંન્યાસપ્રવર શ્રી અભયસાગરજી ગણિવર્યની પ્રેરણાથી સં. ૨૦૩૨ ના આસો સુદ ૧૫ તથા આસો વદ ૧ આ બે દિવસ વિદ્વાનોની ગોષ્ઠી રાખવામાં આવેલી. તેમાં ચર્ચાયેલા પ્રશ્નોના સમાધાન અમદાવાદ રહીશ સુશ્રાવક ધર્મનિષ્ઠ જિનશાસન રાગી જૈન ભૂગોળ-ઈતિહાસના ઊંડા અભ્યાસી શા. રમણલાલ બબાભાઈએ સુંદર રીતે લખ્યા હતા. તેના પર મારી સાથે ચર્ચા થતા મને તે ખૂબ સચોટ લાગ્યા. તેથી 'ધર્મદૂત' ના વાચકોને તે જાણવા મળે, જિજ્ઞાસા સંતોષાય અને આ દિશામાં રસ જાગે તે માટે અહીં અપાયા છે— )

**પ્ર–૧** પૃથ્વી અત્યારે વિજ્ઞાન દ્વારા ગોળ સાબિત કરાય છે. તે અંગે નક્કર પ્રમાણો દર્શાવાય છે. તેનો જૈન શાસ્ત્રીય દૃષ્ટિએ શો ઉકેલ હોઈ શકે?

જ–૧ પૃથ્વી અત્યારે વિજ્ઞાન દ્વારા ગોળ સાબિત કરાય છે. તે અંગે જે નક્કર પ્રમાણો દર્શાવાય છે તે ખરેખર નક્કર નથી. તે નીચેની વિગતો પરથી સમજી શકાશે.

(૧) "દરિયામાં દૂરથી આવતાં વહાણનો પ્રથમ ઉપરનો અને ધીરે ધીરે ક્રમશઃ નીચેનો ભાગ જેમ જેમ વહાણ નજીક આવતું જાય તેમ તેમ દેખાય છે તેના કારણરૂપ પૃથ્વીના ગોળાકાર ભાગનું નડતર ગણાવાય છે." પરંતુ

નરી આંખે ટપકાં સ્વરૂપે દેખાતી સ્ટીમર અથવા દેખાતી બંધ થઈ ગયેલી સ્ટીમર ટેલિસ્કોપ (દૂરદર્શક યંત્ર) દ્વારા જોતાં (પૃથ્વીનો ગોળાકાર ભાગ આડો આવવા છતાં?) આખી દેખાય છે. આનો અર્થ એ થયો કે પૃથ્વીનો ગોળાકાર ભાગ સ્ટીમરને દેખવામાં નડતો નથી. એટલે આ પ્રમાણ માત્ર કાલ્પનિક છે. હકીકતમાં સ્ટીમર જ નહિ, પણ આકાશમાં દૂર ઊંચે ઊડતાં પતંગ, પક્ષી કે વિમાન પણ નાનાં દેખાય છે, આ બધાનું કારણ આંખની દૃષ્ટિ શક્તિની મર્યાદા છે, અને તેથી જ પૃથ્વીનો કોઈ જ ગોળાકાર વચમાં આડે આવતો નહિ હોવા છતાં પણ વિમાન, પક્ષી વગેરેની જેમ સ્ટીમર પણ નાની દેખાઈ શકે છે.

(૨) "પૃથ્વી એક ગ્રહ છે અને બધા ગ્રહો ગોળ છે માટે પૃથ્વી ગોળ છે." આ પ્રમાણ આપતાં પહેલાં બધા ગ્રહોને ગોળાકાર કલ્પવાં પડે છે. અને પૃથ્વીને ગ્રહ માનવો પડે છે. પણ પૃથ્વીને ગ્રહ શા માટે માનવો? અને બધા ગ્રહોને ગોળાકાર શા માટે માનવા? તેનો કોઈ પાયો હોવો જોઈએ. જેનો જવાબ વૈજ્ઞાનિકો આપે છે– "આ તો ધારણા–સ્વીકૃતિ છે." પણ આવી ધારણા શા માટે કરવી? તેનો જવાબ નથી.

(૩) "શાંત સરોવરમાં એક એક માઈલને અંતરે 'ત્રણ લાકડીઓ એક હારમાં અને દરેક લાકડીનો પાણીની બહારનો ભાગ સરખા માપનો હોય તે રીતે ઊભી કરતાં અને પહેલી લાકડીની ટોચ પરથી ત્રીજી લાકડીની ટોચ

જોતાં વચલી લાકડી વધારે ઊંચી દેખાશે. પૃથ્વીના ગોળાકારને લીધે આમ બને છે.”

ઉપરનો પ્રયોગ આજ સુધી કરવામાં આવ્યો છે કે કેમ તે જ શંકાસ્પદ છે. આ પણ એક કાલ્પનિક પ્રમાણ જ છે. વળી દર માઈલે માત્ર બે ચાર ઇંચ જેટલો જ કહેવામાં આવતો પૃથ્વીનો ગોળાકાર આ પ્રયોગ દ્વારા કેવી રીતે તારવી શકાય? બે માઈલ સુધી દૂરની લાકડી સ્પષ્ટ જોઈ શકાય ખરી? કદાચ દેખાય જ નહિ તો પછી ઊંચાઈ–નીચાઈનો ખ્યાલ તો કેવી રીતે આવે?

(૪) “ચંદ્ર પર ચંદ્રગ્રહણ વખતે પડતો પડછાયો ગોળ દેખાય છે. માટે પૃથ્વી ગોળ છે.”

આ કારણ પણ પૃથ્વી ગોળ હોવા માટે વ્યાજબી કે નક્કર નથી. કારણ કે એક માન્યતા પ્રમાણે ચંદ્ર ઉપર પૃથ્વીનો પડછાયો પડતો જ નથી. પરંતુ ચંદ્રની નીચે રાહુનું વિમાન આવવાથી રાહુના શ્યામ રંગની પાછળ ચંદ્ર ઢંકાઈ જાય છે. તેથી ચંદ્રગ્રહણ થાય છે અને રાહુનું વિમાન જો ગોળ હોય તો તેથી પણ ચંદ્ર ઉપર ગોળ પડછાયા જેવું દેખાય.

(૫) “પૃથ્વી ગોળ હોવાને કારણે ક્ષિતિજ ઉપર પૃથ્વી અને આકાશ એકમેકને મળી જતાં હોય તેવું લાગે છે.”

વિજ્ઞાને એ હકીકત સાબિત કરી છે કે મનુષ્યની આંખ ૪૫° નો ખૂણો બનાવીને જૂએ છે. ડાબી આંખ

જમણી તરફ અને જમણી આંખ ડાબી તરફ. (નાક આગળ આંગળી રાખીને વારાફરતી ડાબી–જમણી આંખ બંધ કરો. આ વસ્તુ સમજી શકાશે.) આ પ્રમાણે આંખ દેખે તો જ બે આંખ વડે વસ્તુ એક જ દેખી શકાય. પણ આંખની કીકીઓની ૪૫° દષ્ટિકોણની રચનાને કારણે દૂરની વસ્તુઓ ભેગી થઈ ગયેલી દેખાય છે. અને આંખની બહિર્ગોળ રચનાને કારણે દૂરની વસ્તુ નાની અને ગોળ દેખાય છે. રેલ્વેના બે પાટા દૂર દૂર જોતાં ભેગાં થઈ ગયેલાં દેખાય છે. ક્ષિતિજ રેખા બાબતમાં પણ આવું જ બને છે. તેથી આ પ્રમાણ પણ અવાસ્તવિક છે.

(૬) "પૃથ્વી પરથી એક જ દિશામાં સીધી મુસાફરી કરીએ તો છેવટે આપણે આપણા મૂળ સ્થાને પાછાં આવી પહોંચીએ છીએ. માટે પૃથ્વી ગોળ છે"–આ પ્રમાણ કેટલું વાસ્તવિક છે? એનો ઉત્તર પ્રશ્ન ૨ ના ઉત્તરમાં ખૂબ વિસ્તારથી સમજાવવામાં આવેલ છે.

આ ઉપરાંત–સૂએઝ નહેરનું બાંધકામ પૃથ્વી ગોળ નહિ પણ સપાટ હોવાના સિદ્ધાંતને આધારે કરવામાં આવ્યું છે અને ભવિષ્યમાં આવું નહેર વગેરેનું બાંધકામ પૃથ્વીને સપાટ સ્વીકારીને કરવું તેવો ખરડો આજે પણ બ્રિટિશ પાર્લામેન્ટમાં મોજુદ છે; દુનિયાભરના દરેક નાવિકનો નકશો પૃથ્વીને સપાટ સ્વીકારે છે. ૪૦ માઈલ દૂરથી જોઈ શકાતી હોટેરાશની દીવાદાંડી, ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ વચ્ચે સૂર્યોદય સૂર્યાસ્તના સમયનો તફાવત, ગુરૂત્વાકર્ષણનો

તફાવત, વગેરે વગેરે અનેક બાબતો પૃથ્વી નારંગી, દડા કે ગોળાના આકાર જેવી ગોળ છે–તેમ સ્વીકારવાની ના પાડે છે.

પ્ર–૨ વર્તમાન કાળે એરોપ્લેન, રોકેટ, મિસાઈલ અને વિવિધ અવકાશયાનો દ્વારા એક જ દિશામાં નીકળી ચારે બાજુ થઈ ફરી તે જ સ્થાને પાછા આવવાની નક્કર હકીકતનો શાસ્ત્રીય ખુલાસો શો ?

જ–૨ વર્તમાન કાળે એરોપ્લેન, રોકેટ, મિસાઈલ અને વિવિધ અવકાશયાનો દ્વારા એક જ દિશામાં નીકળી ચારે બાજુ થઈ ફરી તે જ સ્થાને પાછાં આવી શકાય છે.

આનું કારણ પૃથ્વી ગોળ છે તેમ માની લેવાની જરૂર નથી. હકીકતે દિશાભ્રમને કારણે આવું થાય છે. દિશાભ્રમને કારણે તદ્દન સીધા જવાને બદલે ગોળ વળાંક પણ સાથે લેતા જઈએ છીએ. મુસાફરીનું અંતર લાંબું હોવાને કારણે વળાંક સહિતનો માર્ગ સીધો લાગે છે. વર્તમાન જગતમાં દિશા ઓળખવા માટે મુખ્યત્વે બે સાધનો (૧) હોકાયંત્ર અને (૨) સૂર્ય તથા તારાઓ છે.

હવે આપણું વર્તમાન જગત પણ તદ્દન સપાટ ભૂમિ નથી. પરંતુ ટેકરા સ્વરૂપ હોવાથી અલગ અલગ દિશામાં થતાં સૂર્યોદયના કારણે આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થાય છે. હોકાયંત્ર અને સૂર્ય કેવી રીતે વર્તમાન જગતમાં દિશાભ્રમ ઉત્પન્ન કરે છે તે નીચેના ઉદાહરણ દ્વારા સમજીશું.

ચા પીવાની કાચની ઊંધી રકાબી ઉપર રકાબીની મધ્યભાગની બાજુના ઢોળાવ ઉપર કીડીને મૂકવામાં આવે અને કીડી રકાબીના મધ્યભાગની આસપાસ ગોળ ગોળ ફરે. જો કીડી ઘડિયાળના કાંટા પ્રમાણે ફરતી હશે તો રકાબીનો મધ્યભાગ કીડીની જમણી બાજુ રહેશે. તેને ઉત્તર દિશા કહીએ તો કીડી પૂર્વથી પશ્ચિમ ફરતી હશે. કીડી પૂર્વથી પશ્ચિમ ફરતી હોવા છતાં મૂળ સ્થાને આવશે. કીડીની અપેક્ષાએ સીધી ગણાતી દિશા વર્તુળાકાર ભ્રમણ જ બને છે. સીધી દિશા નથી. તેજ રીતે અવકાશયાન વગેરે વડે થતી ગતિ ભ્રમિત ગતિ છે. હોકાયંત્ર વડે ઉત્તર દિશાને ધ્યાનમાં રાખીને કે સૂર્યની મદદથી પૂર્વ દિશાને ધ્યાનમા રાખી થતી ગતિ એક જ દિશાની હોવા છતાં વર્તુળાકાર ગતિ છે, ઉપર રકાબીના ઉદાહરણમાં જણાવ્યા પ્રમાણેની ગતિ છે. હોકાયંત્રનું આકર્ષણ વર્તમાન જગતના ટેકરાના મધ્યભાગમાં છે અને સૂર્યનો ઉદય જુદા જુદા સમયે ટેકરાના જુદા જુદા સ્થાનેથી દેખાય છે. હવે વર્તમાન સમયમાં એરોપ્લેન વગેરે પણ પૃથ્વીની પૂર્વ–પશ્ચિમ જ ફરે છે. પરંતુ ઉત્તર–દક્ષિણ એક જ રેખાંશ પર હજુ સુધી એક પણ પ્રદક્ષિણા થઈ નથી ને તેઓ આવી પ્રદક્ષિણાની શકયતા સ્પષ્ટ રીતે નકારે છે. આ ઉપરાંત સૈદ્ધાંતિક રીતે પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધના જે અક્ષાંશનો પરિઘ દસથી અગિયાર હજાર માઈલ જેટલો થવો જોઈએ. તે અક્ષાંશ પર ચાલીશ હજાર માઈલ પૂર્વેથી પશ્ચિમ મુસાફરી કરવા છતાં વૈજ્ઞાનિક કેપ્ટન 'જે. રાશ' મૂળ

સ્થાને એક પણ વખત આવી શકયા નથી અને જે માર્ગે મુસાફરી કરી તે જ માર્ગે પાછા આવવું પડયું હતું. આનો અર્થ એ થયો કે ઉત્તર ગોળાર્ધ કરતાં દક્ષિણ ગોળાર્ધના અક્ષાંશોનો પરિઘ વધારે છે. આમ એક જ દિશામાં નીકળી મૂળ સ્થાને આવવાની હકીકત સંપૂર્ણ સાચી નથી.

**પ્ર–૧૫** વર્તમાન દુનિયા શાસ્ત્ર દૃષ્ટિએ કંઈ રીતે સંગત ગણવી ? શાસ્ત્રદૃષ્ટિથી દક્ષિણાર્ધ–ભરતક્ષેત્રના કયા વિભાગમાં વર્તમાન દુનિયાનો સમાવેશ ગણાય ?

**જ–૧૫** સમગ્ર ભરતક્ષેત્રનું ક્ષેત્રફળ ૫૩૮૦૬૮૧ યોજન છે. દક્ષિણ ભરતનું ક્ષેત્રફળ ૧૮ લાખ યોજનથી થોડું વધારે છે. દક્ષિણ ભરતના મધ્યખંડનું ક્ષેત્રફળ આશરે ૭ લાખ યોજન આસપાસ છે. હવે સમગ્ર ભરતક્ષેત્રમાં ૩૨૦૦૦ દેશ, દક્ષિણ ભરતમાં ૧૬૦૦૦ દેશ અને દક્ષિણ ભરતના મધ્યખંડમાં ૫૩૨૦ દેશ છે. જેમાં ૨૫ાા (સાડી પચ્ચીશ) આર્યદેશ છે અને ૫૨૯૪ાા અનાર્ય દેશ છે, હવે દક્ષિણ ભરતના મધ્યખંડનું ક્ષેત્રફળ ૭ લાખ યોજન અને તેમાં ૫૩૨૦ દેશો છે. તેથી દરેક દેશનું સરેરાશ ક્ષેત્રફળ ૧૩૦ યોજન ઉપરાંત થાય.

આપણું વર્તમાન દૃશ્ય જગત ઉત્તરથી દક્ષિણ તેમજ પૂર્વથી પશ્ચિમ વધુમાં વધુ ૨૦૦૦૦ માઈલના વિસ્તારમાં જ સમાયેલ છે. ઉત્સેધાંગુલના એક ગાઉ=આશરે ૨૧ (સવા બે) માઈલ અને ૧ પ્રમાણાંગુલ યોજન = ૪૦૦ ઉત્સેધાંગુલ યોજન. ૧ યોજન= ૪ ગાઉ. તેથી ૧ પ્રમાણાંગુલ યોજન = ૪૦૦×૪ = ૧૬૦૦

ઉત્સેધાંગુલ ગાઉ. ૧૬૦૦ ઉત્સેધાંગુલ ગાઉ = ૧૬૦૦×૨ા (સવા બે) = ૩૬૦૦ માઈલ આશરે થાય છે. હવે ૧ યોજન= ૩૬૦૦ માઈલ અને વર્તમાન દૃશ્ય ૨૦૦૦૦ માઈલ, તેથી ૨૦૦૦૦ ÷ ૩૬૦૦ = આશરે ૬ યોજન કરતાં ઓછું. તેથી વર્તમાન જગત ૬ યોજન લાંબુ પહોળું = ૬×૬ = ૩૬ યોજન ક્ષેત્રફળનું થાય. મધ્યખંડના સરેરાશ એક દેશનું ક્ષેત્રફળ ૧૩૦ યોજન છે. તેથી સ્પષ્ટ થાય છે કે વર્તમાન જગત તો મધ્યખંડના સરેરાશ એક દેશ કરતાં પણ ત્રીજા ભાગનું લગભગ છે. આ વર્તમાન દૃશ્ય જગત દક્ષિણ ભરત-ક્ષેત્રના મધ્યખંડમાં જ મધ્યભાગે આવેલા આર્યાવર્ત (૨પાા આર્યદેશો)ની છેક દક્ષિણ છેડે કે જ્યાં જ્યાં શ્રી સગર ચક્રવર્તી શ્રી સિદ્ધાચલ તીર્થની રક્ષા માટે લવણ સમુદ્રનું પાણી લાવેલા છે તે ફેલાઈ ગયેલા અગાઢ જળની વચ્ચે રહેલી ઉચ્ચભૂમિમાંથી બનેલા ટેકરા માફક ઉપસેલા દ્વીપોના સમૂહમાં આવેલું છે. વર્તમાન જગતમાં ખારૂં પાણી છે. તે વર્તમાન જગત દક્ષિણ વિભાગમાં આવેલું છે તેની સાબિતી છે. વળી અહીં ધર્મ પણ છે તેથી તે આર્ય-પ્રદેશ છે, અને ટેકરા સ્વરૂપ છે. તેથી કોઈ પર્વતનો ભાગ છે. (આની હવેના પ્રશ્નોમાં વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે.)

પ્ર. ૧૬ જંબૂ–પ્રજ્ઞપ્તિમાં વૈતાઢચ પર્વત અને જંબૂદ્વીપની જગતીથી બંને બાજુથી બરાબર સરખા અંતરે ૧૧૪ યોજન દૂર અયોધ્યાનું સ્થાન જણાવ્યું છે તો હાલની અયોધ્યા તે સ્થાને જ ગણવી ?

જ-૧૬ હાલની અયોધ્યા એ મૂળ અયોધ્યા (વિનિતા) નગરીના સ્થાને નથી પરંતુ આશરે ૨૦૦૦ વર્ષ પહેલાં વસેલી છે (પટ્ટાવલી-સમુચ્ચય). જ્યારે મૂળ અયોધ્યા વર્તમાન દશ્ય જગતથી આશરે ૧૬૫૦૦૦ ગાઉ દૂર છે (વિવિધ તીર્થમાળા, શ્રી સૌભાગ્ય વિજય પંડિત તથા શ્રી વિજયસાગરજી) તથા પંડિત શ્રી દિપવિજયજી (અષ્ટા-પદ પૂજાની પહેલી ઢાળ).

પ્ર-૧૭ પ્રમાણુાંગુલ અને ઉત્સેધાંગુલ યોજનમાં કેટલો તફાવત છે?

જ-૧૭ ઉત્સેધાંગુલ કરતાં પ્રમાણુાંગુલ ચારસો ગણો મોટો છે. પ્રથમ ચક્રવર્તી અને પ્રથમ તીર્થંકર (અવ-સર્પિણી કાળના) નો અંગુલ અને પ્રમાણુ અંગુલ-બન્નેનું માપ સરખું છે-ઋષભદેવ ભગવાનનું દેહમાન ઉત્સેધાંગુલથી ૫૦૦ ધનુષ=૨૦૦૦ હાથ, ૨૦૦૦ હાથ=૪૮૦૦૦ અંગુલનું છે. વળી પ્રભુ પોતાના અંગુલથી ૫ હાથ=૧૨૦ અંગુલ ઊંચાઈના છે. જેથી કરીને તેમના દેહપ્રમાણુ કરતાં તેમનો અંગુલ ૧૨૦ મા ભાગનો થયો. તેથી ૪૮૦૦૦ નો ૧૨૦ મો ભાગ=૪૦૦ થાય. ઉત્સેધાંગુલ અને પ્રભુનો અંગુલ વિષ્કંભ અંગુલ પ્રમાણે ગણવાના છે. સુચિઅંગુલ પ્રમાણે ગણવાના નથી. જેથી કરીને ઉત્સેધાંગુલ કરતાં પ્રમાણુાંગુલ ૪૦૦ ગણો ચોક્કસ થાય છે. અઢી ગણાનો કે હજાર ગણાનો પ્રશ્ન ઊભો થતો જ નથી. વિષ્કંભ અંગુલ કરતાં સુચિઅંગુલ (પ્રમાણુાંગુલ) ને અઢી ગણો મોટો હોવાની હકીકતના આધારે ભૂતકાળમાં થયેલી ચર્ચાઓ અહીં

ઉપયોગી થતી નથી. કારણ કે પ્રભુનું ૫૦૦ ધનુષ શરીર ઉત્સેધાંગુલના વિષ્કંભ અંગુલ વડે અને પ્રભુનું ૧૨૦ અંગુલનું શરીર જે અંગુલ વડે માપવામાં આવે છે તે પણ વિષ્કંભ અંગુલ વડે જ માપવામાં આવે છે. સુચિ અંગુલનો અહીં ઉપયોગ થતો નથી.

પ્ર-૩ સૂર્યના ઉદય અને અસ્ત માટે આજની ૮૦૦૦ માઈલની નાનકડી દુનિયામાં જુદા જુદા ટાઈમ કેમ? ભારત-અમેરિકા વચ્ચે ૧૦ હજાર માઈલનું અંતર છતાં સૂર્યોદય વગેરેમાં ૧૦ાા કલાકનું અંતર કેમ?

પ્ર-૪ આજે જ્યારે ભારતમાં દિવસે બાર વાગ્યા હોય ત્યારે સવારના ૬ થી ૨૪ કલાકના સમયો વર્તમાન કાળના દેશોમાં જાણવા મળે છે. શાસ્ત્રીય દૃષ્ટિએ આ તફાવતનું કારણ શું સંભવે ?

પ્ર-૫ મહાવિદેહ ક્ષેત્રના સૂર્યોદય અને સૂર્યાસ્ત સાથે ભરતક્ષેત્રના સૂર્યોદય-સૂર્યાસ્તને સંબંધિત જણાવાય છે કે અહીં દિવસ ત્યારે મહાવિદેહમાં રાત-મહાવિદેહમાં દિવસ ત્યારે અહીં રાત! તો આ અંતર અમેરિકા સાથે મળતું આવે છે, તો હકીકત શી સમજવી?

પ્ર-૬ ભારતમાં પણ મુંબઈ-કલકત્તા વચ્ચે ૧ કલાકનું અંતર સૂર્યના ઉદયના અસ્તમાં સ્પષ્ટ લાગે છે. તો એ કેમ બનતું હશે? કલકત્તાથી જેમ જેમ પૂર્વમાં જઈએ તેમ તેમ સૂર્યોદય વહેલો થવાનું જાણવા મળે છે. આપણા શાસ્ત્રના ગણિત પ્રમાણે આ શી રીતે બેસતું આવે ?

પ્ર-૭ સૂર્યની મૂહુર્તગતિ ઓછામાં ઓછી ૫૨૩૧ પ્રમાણાંગુલ (૩૬૦૦ માઈલ=૧ યોજન)ની છે.

વધુમાં વધુ ૫૩૩૦ પ્રમાણાંગુલ યોજનની છે. તો આ ઉપરથી એમ નક્કી થયું કે સૂર્ય ૪૮ મિનિટમાં ૫૨૫૧ યોજન તો ઓછામાં ઓછું ચાલે જ! તો ૩૬૦૦ માઈલ=૧ યોજન એવા પ્રમાણાંગુલથી ૫૨૩૧ યોજન ચાલનાર સૂર્યના ઉદય અને અસ્તમાં આજની સમસ્ત પૃથ્વી માત્ર ૮૦૦૦ માઈલની છતાં આટલો બધો તફાવત કેમ ?

પ્ર-૮ આ રીતે કલકત્તા-મુંબઈ વચ્ચે માત્ર આશરે ૧૦૦૦ માઈલના અંતરમાં સૂર્યના ઉદય અને અસ્તમાં ૧ કલાકનું આંતરૂ કેમ ?

પ્ર-૯ ઉત્તરધ્રુવ-દક્ષિણધ્રુવમાં છ મહિના સુધી દિવસ અને રાત વારાફરતી રહે છે. તે આપણા ગણિતથી શી રીતે બેસે ?

પ્ર-૧૦ સ્વીડન-નોર્વેમાં જુન-જુલાઈના ૬૦ દિવસ સૂર્ય અસ્ત જ પામતો નથી. તેનું શાસ્ત્રદૃષ્ટિએ શું કારણ હોઈ શકે ?

જ-૩ થી ૧૦ 'વર્તમાન દૃશ્ય જગત' જવાબ ૧૫ માં જણાવ્યા મુજબ દક્ષિણ ભરતના મધ્યખંડમાં મધ્યભાગના છેક દક્ષિણ છેડે સગર ચક્રી દ્વારા લવણ સમુદ્રના લવાયેલા જળ વચ્ચે આવેલું છે. જે કોઈ એક ઘસાઈ

ગયેલા પર્વતના ઢાળીયા ટેકરા જેવું છે અને ૨૦૦૦૦ માઈલથી પણ ઓછી લંબાઈ–પહોળાઈવાળી ભૂમિનું બનેલું છે. કારણ કે વર્તમાન જગતનો વિષુવવૃત્ત પાસે ઢાળિયા ટેકરાનો પરિઘ આશરે ૨૪૦૦૦ માઈલ છે. જયારે વિષુવવૃત્તથી ઉત્તર ધ્રુવ થઈ સામી બાજુએ વિષુવવૃત્ત સુધીની લંબાઈ ૧૨૦૦૦ માઈલની છે. હવે ૨૪૦૦૦ માઈલના પરિઘનો વ્યાસ આશરે ૮૦૦૦ માઈલ થાય. જ્યારે ખરેખરો વ્યાસ ૧૨૦૦૦ માઈલનો થયો. આમાં જે ૪૦૦૦ માઈલ વ્યાસ વધ્યો તે વર્તમાન જગત ટેકરા સ્વરૂપે હોય તો જ વધી શકે. આ ઉપરાંત રશિયા, સાઈબિરિયા વગેરેની નદીઓના વહેણ ઉપરથી વર્તમાન જગત ટેકરાના મથાળાના સ્થળે ખાડા પડતું પણ છે એમ સ્પષ્ટ છે. વર્તમાન વિશ્વ આ રીતે દક્ષિણ ભરતના છેક દક્ષિણ છેડે એટલે કે જંબુદ્વીપની જગતીના નજીકમાં જ ટેકરા સ્વરૂપ હોવાથી ત્યાં ૨૪ કલાક સૂર્યની પ્રકાશની સંભાવના છે અને ટેકરા સ્વરૂપ હોવાથી એ ટેકરાની ચારે બાજુ સૂર્યપ્રકાશનું આવાગમન જુદા જુદા સમયે થાય છે. જે આવાગમનને સૂર્યોદય તથા સૂર્યાસ્ત તરીકે કહી શકાય. આ સૂર્યોદયને ટેકરાના પરિઘના પ્રમાણમાં ૨૪ મા ભાગની ભૂમિએ ૧ કલાકનું અંતર પડે. હવે જો વર્તમાન દૃશ્ય જગતના ટેકરાનો પરિઘ આશરે ૨૪૦૦૦ માઈલ હોય તો વર્તમાન જગતમાં આશરે ૧૦૦૦ માઇલે ૧ કલાકનું સૂર્યોદયનું અંતર પડે. જંબુદ્વીપનો વ્યાસ ૧ લાખ યોજન અને પરિઘ આશરે ૩ લાખ ૧૬ હજાર યોજન છે. મેરુ-પર્વતનો વ્યાસ ૧૦૦૦૦ યોજન અને પરિઘ આશરે

૩૧૬૦૦ યોજન છે અને વૈતાઢચ આદિ પર્વતોના શિખરોનો વ્યાસ ૫૦૦ યોજન અને પરિઘ લગભગ ૧૫૦૦ યોજન છે. સૂર્યને જંબુદ્વીપની જગતી પર એક ચક્કર લગાવતા પૂરા ૪૮ કલાક થાય છે. તેથી જંબુદ્વીપની જગતીની ઉપરના માંડલા ઉપર સૂર્યની ભ્રમણ ગતિ કલાકના લગભગ ૬૫૦૦ યોજન ઉપરની થઈ. ત્યારે સૂર્યના પ્રકાશની ગતિ મેરુપર્વત ઉપર કલાકના લગભગ ૬૫૦ યોજનની થાય. જ્યારે વૈતાઢચ પર્વત ઉપર સૂર્યના પ્રકાશની ગતિ કલાકના આશરે ૩૨૫ યોજનની થાય. આ રીતે સૂર્યની ગતિ આખા જંબુદ્વીપને આશરીને એક સરખી હોવા છતાં પણ જંબુ-દ્વીપની અંદર આવેલા ક્ષેત્રો તથા પર્વતો ઉપર પ્રકાશની ગતિમાં તફાવત હોય છે. તે તે સ્થળના ક્ષેત્રમાપ અને આકાર ઉપર આધારિત છે અને આ જ કારણથી વર્તમાન જગત ઢાળિયા ટેકરા સ્વરૂપ અને વિષુવવૃત્તના ભાગમાં ૨૪૦૦૦ માઈલના પરિઘવાળું હોવાથી સૂર્યના પ્રકાશની ગતિ એક કલાકના ૧૦૦૦ માઈલની વિષુવવૃત્તીય પરિઘ પાસે છે જ્યારે ઉત્તરના અક્ષાંશો પર જેમ જેમ ઉત્તર તરફ જઈએ તેમ તેમ સૂર્યના પ્રકાશની ગતિ ~~ઓછી~~ બને છે. જ્યારે વિષુવવૃત્તથી દક્ષિણના અક્ષાંશો પર જેમ જેમ દક્ષિણ તરફ જઈએ તેમ તેમ પરિઘ વધતો જતો હોવાથી સૂર્યના પ્રકાશની ગતિ ~~ઓછી થતી~~ જાય છે. (આ વાત પૃથ્વી નારંગી આકારે ગોળ નહિ હોવાનો એક સબળ પુરાવો છે.) વર્તમાન દૃશ્ય જગતમાં ૧ રાત્રિ-દિવસ એક સૂર્યના ૨૪ કલાકના અર્ધા ભ્રમણ દ્વારા પૂરો થતો હોવાથી

વર્તમાન જગતના પરિઘને ૨૪ વડે ભાગવાથી ૧ કલાકની પ્રકાશની ગતિનું માપ કાઢી શકાય છે. આજ કારણથી વર્તમાન જગતમાં પણ જુદા જુદા સ્થળે સૂર્યના પ્રકાશની ગતિમાં તફાવત જોવા મળે છે. પ્રશ્ન ૩ થી ૮ ના ખુલાસા ઉપરની વિચારણાથી સ્પષ્ટ થાય છે.

ઉત્તરધ્રુવ પ્રદેશ ઢાળીયા ટેકરાની ટોચ ઉપર આવેલો છે–પણ આ ભૂમિ સપાટ નથી. ખાડાવાળી છે. (આ હકીકત રશિયા–સાઈબિરિયાની નદીઓનું વહેણ ઉત્તરધ્રુવ સમુદ્રમાં મળતા હોવાથી સ્પષ્ટ થઈ જાય છે.) સ્વીડન–નોર્વે વિગેરે આ ખાડાવાળી ભૂમિના ગોળાકાર કાંઠા ઉપર આવેલા છે–જો ઉત્તરધ્રુવ પ્રદેશની ભૂમિ તદ્દન સપાટ હોય તો આ ભૂમિ ઉપર બારે માસ સૂર્યના પ્રકાશનું અસ્તિત્વ ટકી શકત પરંતુ ખાડાવાળી ભૂમિ હોવાથી ઉત્તરધ્રુવ પ્રદેશના ખાડાવાળા ભાગમાં જ્યારે સૂર્ય દૂરના મંડળોમાં પરિભ્રમણ કરતો હોય ત્યારે ઉપરના કાંઠાના વિસ્તારનો પડછાયો પડતો હોવાથી જ સૂર્ય બારે માસ દેખાતો નથી અને જ્યારે નજીકના મંડળો ઉપર સૂર્ય ભ્રમણ કરતો હોય ત્યારે સૂર્યનો સતત પ્રકાશ ચાલુ રહી શકે છે. સ્વીડન અને નોર્વેમાં પણ તે તે ભૂમિના આકાર અને આજુબાજુના ઉચ્ચ પ્રદેશોના પ્રકાશ માટેના અવરોધના પ્રમાણમાં દિવસ–રાત નાના–મોટા બની શકે છે. હવે સ્વીડન–નોર્વેમાં જુન–જુલાઈના ૬૦ દિવસ સૂર્ય અસ્ત પામતો જ નથી એ હકીકત સાચું છે. તે માટે આ વિષયમાં ખુબ કાળજીપૂર્વકની તપાસની જરૂર છે. આ વિષયમાં તપાસ

કરતાં કેટલુંક જાણવા જેવું પણ મળ્યું છે. ૬૦ દિવસ સતત સૂર્ય આકાશમાં દેખાયા કરે છે. તે વ્યવહારથી સાચું જ કહી શકાય. જેમકે એ પાંચ મિનિટ માટે અસ્ત પામતો હોય તો તે કોઈનાં ખ્યાલમાં પણ ના આવે અને કદાચ ખ્યાલમાં આવે તો પણ એ અસ્ત થયેલો વ્યવહારમાં ના અસ્ત થાય તેવું ગણાય. હવે ત્યાં પણ સૂર્ય ૨૪ કલાક દરમ્યાન બે વખત ઊંચે ચડે છે અને બે વખત ક્ષિતિજ સુધી નીચે પહોંચે છે. બહુ જુજ સમય માટે ક્ષિતિજથી નીચે ઊતરી જાય છે અને પછી થોડા સમય બાદ મૂળ સ્થાનથી થોડાક અંતરે ક્ષિતિજ ઉપર આવે છે. આમ ૨૪ કલાકમાં જાણવા મળેલ હકીકત મુજબ સૂર્ય એક વખત અસ્ત પામે છે પણ બહુ જ થોડા સમય માટે. અને ઉદય તથા અસ્તના સ્થળમાં થોડુંક અંતર પડે છે. પણ ત્યાંના વાતાવરણમાં વાદળાં–ધુમ્મસ વગેરે રહેતાં હોવાને કારણે સૂર્યને અસ્ત પામતો માનવાને બદલે ધુમ્મસની પાછળ ચાલ્યો ગયેલો માનવામાં આવે છે. શ્રી જૈન સિદ્ધાંત મુજબ એ સૂર્યની હકીકત વિશ્વસનીય બને છે. આમ ૨૪ કલાકના અસ્ત અને ઉદયના કાળમાં સમય અને સ્થળનાં અંતર વખતે એક સૂર્યનું ગમન અને બીજા સૂર્યનું આગમન થવાની પૂરેપૂરી શકયતા રહેલી છે. આ વિષયમાં સ્વીડન–નોર્વેની ભૂમિ ઉપર જ વધુ સંશોધન કરવાની ખાસ જરૂર છે. ઉપરાંત ઓસ્ટ્રેલિયા તથા દક્ષિણ ગોળાર્ધના અક્ષાંશો પર સૂર્યપ્રકાશની ગતિ અંગે સંશોધનની ખાસ જરૂર છે. અને જો તેમાંથી વધુ

જાણવા જેવી હકીકતો મળી આવે તો શ્રી જૈન શાસ્ત્રીય સિદ્ધાંતોને ખૂબ જ વેગ મળે અને જગતને પણ તેમાંથી ઘણું ઘણું જાણવા જેવું મળી આવે.

પ્ર–૧૧ સૂર્યપ્રકાશ વધુ ને વધુ કેટલે દૂર જઈ શકે ?

જ–૧૧ સૂર્યપ્રકાશ ૫૦૦૦૦ યોજન સુધી જઈ શકે તેવી પૂરેપૂરી શકયતા છે. વર્તમાન જગતના અમુક ભાગોમાં ૨૪ કલાક સૂર્યપ્રકાશ દેખાય છે તે તેનો પ્રત્યક્ષ પુરાવો છે. વર્તમાન જગત હિમવંત તથા વૈતાઢ્ય પર્વતના પડછાયાની મર્યાદાના ક્ષેત્રથી દૂર હોવાથી તથા ઉચ્ચ ટેકરા સ્વરૂપ હોવાથી આ જગ્યાએ ૨૪ કલાક સૂર્યપ્રકાશ સંભવી શકે છે. મેરૂપર્વતની ગુફાઓમાં જતો પ્રકાશ પણ આ બાબતનો પુરાવો છે. તેથી પણ વધુ દૂર પ્રકાશ જઈ શકે. આ પુરાવો નકારાત્મક નથી પણ હકારાત્મક છે.

પ્ર–૧૨ આજના વૈજ્ઞાનિકો જેમ કહે છે કે ૧ સેકન્ડમાં પ્રકાશ ૧૮૬૦૦૦ માઈલ જાય છે, તેમ સૂર્ય-પ્રકાશની ગતિનું કોષ્ટક ખરૂં ? મિનિટમાં કેટલી ગતિ ? કલાકે કેટલી ગતિ ?

જ–૧૨ આવું સૂર્યપ્રકાશની ગતિનું કોષ્ટક અમારી જાણમાં નથી. આ પ્રશ્ન સાથે આપણા સૂર્યના પ્રકાશની ગતિને કોઈ સંબંધ નથી.

પ્ર–૧૩ ચંદ્રની કળાઓની કૃષ્ણપક્ષમાં થતી હાનિ અને શુકલપક્ષમાં થતી વૃદ્ધિના સંબંધમાં નિત્ય રાહુની વાત શી રીતે સંગત બને ? તે સ્પષ્ટ થવાની જરૂર છે.

પ્ર–૧૪ નિત્ય રાહુ ચંદ્રના વિમાનની અડોઅડ ચાર આંગળ છેટે નીચે હોય છે કે કયાં હોય છે?.

જ–૧૩ અને ૧૪ ચંદ્રની કળા અંગેનો પ્રશ્ન અમે બરાબર સમજી શકયા નથી. પરંતુ દિગંબર આમ્નાયના સિદ્ધાંત મુજબ ચંદ્રની હાનિ–વૃદ્ધિ થતી કળા ચંદ્રના પોતાના જાતિસ્વભાવ મુજબની છે. તે અમોને કંઈક યોગ્ય લાગે છે—જેમ વૈમાનિક દેવોના વિમાનો, સિદ્ધશિલા વગેરે પોતાના જાતિસ્વભાવ મુજબ એક જ જગ્યાએ અવકાશમાં સ્થિર રહેલાં છે. તે રીતે ચંદ્રનો પોતાનો જાતિસ્વભાવ હાનિ–વૃદ્ધિ થતી કળાના કારણરૂપ હોવાની સંભાવના છે.

પ્ર–૧૮ હાલમાં એપોલો ચંદ્ર પર ગયું, વાઈકીંગ મંગળ પર પહોંચ્યું વગેરે વૈજ્ઞાનિક બાબતોનો શાસ્ત્રીય દૃષ્ટિએ શું ખુલાસો હોઈ શકે?

જ–૧૮ ચંદ્રયાત્રા સમજવા માટે નીચે જણાવેલી નક્કર હકીકતો જાણવી જરૂરી છે વિજ્ઞાન ક્ષેત્રે કામ કરનાર મુખ્ય બે સંસ્થાઓ છે. (૧) એક છે "એલ્ડો" (યુરોપિયન લોંચર એન્ડ ડેવલપમેન્ટ ઓરગેનાઈઝેશન) આ સંસ્થા બ્રિટન, ફ્રાન્સ, પશ્ચિમ જર્મની, ઈટાલી, નેધરલેન્ડસ, બેલ્જીયમ, ઓસ્ટ્રેલિયા વગેરેના સહકારથી ચાલે છે. (૨) બીજી મુખ્ય સંસ્થાનું સંચાલન યુરોપના ૧૦ દેશોના સામુહિક સહકાર દ્વારા થાય છે તે છે "ઈસરો". આ બંનેમાંથી એકપણ સંસ્થાએ ચંદ્ર પર માનવી કે અવકાશયાનને મોકલવાની વાત નથી કરી, તેમની કાર્ય-

વાહીના એજન્ડા ઉપર આ વાતનો ઉલ્લેખ સુદ્ધાં નથી કર્યો ને આ બાબત પર કોઈ વિચાર પણ કર્યો નથી. આ એક ખાસ નોંધવા લાયક હકીકત છે. હવે બીજી બાજુ જોઈએ–તો 'નાસા' સંસ્થા જે ચંદ્રયાત્રાનો જોરશોરથી પ્રચાર કરતી હતી, તેના મુખ્ય સંચાલકો હવાઈદળ, નૌકાદળ અને ભૂમિદળના લશ્કરી અધિકારીઓ હતા. હકીકતમાં આ સંસ્થા વૈજ્ઞાનિક સંશોધન માટે સાચા અર્થમાં વિજ્ઞાન–સંસ્થા હોવાને બદલે રાજદ્વારી સ્થાપિત-હિત ધરાવતી રાજકીય નેતાઓના વર્ચસ્વ અને પ્રભુત્વ હેઠળ કામ કરનારી સંસ્થા છે. આ સંસ્થાના સભ્યો તરીકે અથવા અવકાશયાત્રી તરીકેની પસંદગી વૈજ્ઞાનિકોને બદલે લશ્કરી અધિકારીઓની જ કરવામાં આવતી હતી એ જાણીને આપણને આશ્ચર્ય થશે. પણ સંજોગવશાત્ એક વૈજ્ઞાનિક અને ખૂબ કુશળ વિમાની પાયલોટની પસંદગી થઈ ગઈ તો એ શ્રી 'બ્રાવન ઓલિયરી' પ્રત્યે એવી રીતની વર્તણુંક કરવામાં આવી કે શ્રી 'બ્રાવન ઓલિયરી'ને 'નાસા' સંસ્થાથી છૂટાછેડા લેવા પડયા. શ્રી 'બ્રાવન ઓલિયરી' ચંદ્રયાત્રા કરવા, અવકાશયાત્રા કરવા અને રોકેટ ઉડાડવા ખૂબ ઉત્સુક હતા, ત્યારે તેમને વારંવાર વિમાન ઉડાડવાનું જ કહેવામાં આવતું. છેવટે શ્રી 'બ્રાવન ઓલિયરી'એ કંટાળીને રાજીનામું આપી દીધું. જ્યારે ચંદ્રયાત્રી તરીકે જેની પસંદગી કરવામાં આવી તે નીલ આર્મસ્ટ્રોંગ હતો નૌકાદળ સૈન્યનો સૈનિક. સંશોધનને અને સંસ્થાને કોઈ મેળ ખાય છે?

(૨) અમેરિકાના રીપબ્લીકન પક્ષે અનેક વાર જાહેરાત કરી હતી કે "જેમ બને તેમ જલ્દીથી આ અવકાશી સફરની હરીફાઈનો સ્ટંટ પાયામાંથી તોડી પાડીને મોટા ભાગના પૈસા ધરતી ઉપર જ આબાદી માટે ખર્ચવા."

રશિયામાં પણ એવું જ જૂથ ઊભું થયું હતું—જે માત્ર હોડની ખાતર અબજો રૂબલનો ખર્ચ કરવાની વિરુદ્ધમાં હતું. યુરોપના ઘણા દેશોએ અને તેના સારા સમજુ વિચારકોએ પણ ચંદ્ર યાત્રાની શકયતાને નકારી કાઢી છે—અને તે અંગેનો થનારો ખર્ચ માનવ પ્રજાના હિતમાં જ વાપરવાની ભલામણ કરેલી હતી. ચીનમાં ચંદ્રયાત્રાના દશ્યો ટેલિવિઝન પર કે અન્ય કોઈ પણ રીતે પ્રગટ કરવામાં આવ્યા નથી. ચીન સ્પષ્ટપણે એમ જ માને છે કે અમેરિકાની ચંદ્રયાત્રાની વાતોમાં કોઈ તથ્ય જ નથી. વિશ્વવિખ્યાત બ્રિટિશ ખગોળશાસ્ત્રી સર બર્નાડ લોવેલે "ચંદ્ર પર માનવીના ઉતરાણની ક્ષણ"ને "માનવજાતના ઈતિહાસમાં મહાન નાટકીય ક્ષણ" તરીકે વર્ણવી છે.

(૩) ચંદ્રયાત્રા અંગેના તા. ૧૫મી જુલાઈથી ૧૦મી ઓગષ્ટ સુધી બહાર પાડવામાં આવેલા સંખ્યાબંધ ફોટાઓ સબંધમાં જનસત્તા તા. ૧૧–૮–૬૯ના અંકમાં છેલ્લા પાના પર જણાવે છે કે "અત્યાર સુધી ચંદ્ર પર અવકાશયાત્રીઓની કામગીરીના ચિત્રકારોની કલ્પનાના જ ચિત્રો પ્રગટ થતા રહ્યા છે." ત્યાર પછીના જ ચિત્રોને વાસ્તવિક

સાચા ફોટા તરીકે જણાવેલ છે. આ ફોટાની અસત્યતા પણ જોઈએ. કેટલાક ફોટાઓમાં સૂર્યના પ્રકાશમાં રહેલી વસ્તુઓની કેટલીક ચીજોના પડછાયા છે, કેટલીકનાં નથી. જાણે કે તે પડછાયાઓ કોઈએ ભૂંસી નાંખ્યા ના હોય ? ચંદ્રયાત્રીઓનો પડછાયો કે કોઈપણ ચીજનો પડછાયો ઉતરાણ વખતે તે તે ચીજ કરતાં છ ગણો પડવો જોઈએ અને ૧½ બે કલાકમાં જ પાછા ફર્યા હોવાથી પાછા ફરતી વખતે ચાર ગણો પડવો જોઈએ. તેના બદલે કોઈપણ યાત્રીનો પડછાયો તેના કરતાં બે ગણો વધુમાં વધુ છે. તેથી વધુ લાંબો નથી. પણ બે ગણા કરતાં પણ ટૂંકો છે. આર્મસ્ટ્રોંગ ચંદ્રભૂમિ પર પગ ટેકવે છે. તે વખતે એલ્ડ્રિને ચંદ્રયાનની બારીમાંથી ફોટો લીધો તેમાં ઊંચે માથા પર રહેલી પૃથ્વીનું દૃશ્ય પણ ઝડપાય છે. હવે એલ્ડ્રિન કરતાં આર્મસ્ટ્રોંગ નીચે છે તેથી કેમેરાનો લેન્સ નીચે રાખવો પડે. નીચે તરફ રહેલા લેન્સમાં ઉપર રહેલી પૃથ્વીનું દૃશ્ય ઝડપી શકાય નહીં. ફોટા બાબતમાં આવા અનેક પુરાવા હોવા છતાં વિસ્તાર ભયથી અમે તે અહીં આપી શકતા નથી.

## (૪) અવકાશયાત્રીઓના પરસ્પર વિરોધી નિવેદનો :

રશિયન અવકાશયાત્રી યુરી ગેગેરીને જણાવેલ છે કે પૃથ્વી ઉપર દેખાતા સૂર્યના પ્રકાશ કરતાં પૃથ્વીના વાતાવરણ બહાર નીકળી ગયા પછીના અવકાશમાં સૂર્યનો પ્રકાશ સેંકડો ગણો પ્રકાશિત દેખાય છે. હવે રશિયાના જ તે પછીના અવકાશયાત્રીઓ નીકાલાએવ, બ્યકોવસ્કી અને

શ્રીમતી વેલેન્ટીના અમદાવાદની મુલાકાતે આવેલા તે દરમ્યાન પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરમાં તેઓ જણાવે છે કે પૃથ્વી પરથી દેખાતા તારાનાં પ્રકાશ અને અવકાશમાં દેખાતા તારાના પ્રકાશમાં કોઈ તફાવત નથી. 'એપોલો–૮'ના અવકાશયાત્રીઓ નિવેદન કરે છે કે "ચંદ્ર ઉપર જતી વખતે પૃથ્વીથી ૧ાા લાખ માઈલ ઊંચે ગયા પછી અમે પૃથ્વી ચાંદીના ડોલરના સિક્કાના કદ જેટલી અને સફેદ ચળકતા ગોળા જેવી જોઈ. હકીકતે વૈજ્ઞાનિક સિદ્ધાંત પ્રમાણે ચંદ્રથી પૃથ્વીનું કદ ચાર ગણું છે. તેથી પૃથ્વી પરથી ચંદ્ર જેટલા કદનો દેખાય. છે તેનાથી ચાર ઘણા કદની પૃથ્વી ચંદ્ર પરથી દેખાય. ચંદ્ર અને પૃથ્વી વચ્ચે ૨ાા લાખ માઈલનું અંતર છે. તેથી ચંદ્રથી જેમ પૃથ્વીની નજદીક આવીએ અને લગભગ ૧ાા લાખ માઇલને અંતરેથી પૃથ્વી જોઈએ તો ચંદ્ર પરથી દેખાય તે કરતાં વધુ મોટી લગભગ મોટા ગોળ થાળા જેવડી દેખાય. ડોલરના સિક્કાના કદ જેટલી કેવી રીતે દેખાય? "એપોલો–૮"ના અવકાશયાત્રીઓનું બીજું નિવેદન છે, પૃથ્વીથી ૧ાા લાખ માઈલ દૂર તેમના યાનની બે બારીઓ પર ઝાકળ લાગી હતી અને એક બારી ધુમ્મસથી ઘેરાઈ ગઈ હતી. હવે, પૃથ્વીથી ૩૦૦૦૦ માઈલ ઉપર ગયા પછી બિલકુલ હવા હોતી જ નથી. વગર હવાના વાતાવરણમાં ધુમ્મસ અને ઝાકળ કેવી રીતે લાગી? હકીકતમાં આ વખતે પૃથ્વીથી ૧ાા લાખ માઈલ ઊંચે નહિં પણ દક્ષિણ ધ્રુવ ખંડના વિસ્તારના આકાશ પ્રદેશ ઉપર તેઓ ઉડ્ડયન કરી રહ્યા હોવા જોઈએ. ચંદ્ર પર પ્રથમ પગ મૂકનાર

નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્રની સપાટીથી ૬ ઈંચ નીચેથી લીધેલી માટી ભીની હોવાનું જણાવે છે. હવે ચંદ્ર પરનો દિવસ મોટો છે–પૃથ્વીના ૧૪॥ દિવસ જેટલો–ચંદ્ર પર એક પણ વખત વરસાદ નથી પડતો. દિવસ દરમ્યાન સીસું ઓગળી જાય તેવો પુષ્કળ તાપ પડે છે તો ચંદ્રની સપાટીની ૬ ઇંચ નીચે ભીનાશ કેવી રીતે હોઈ શકે ? કોનરાડ (અવકાશયાત્રી)ના પગમાં દોરડું આવવાથી ચંદ્રની જમીન પર પડી ગયો તે અંગે અમેરીકન વૈજ્ઞાનિકો જણાવે છે કે જો કોનરાડના અવકાશ શૂટમાં છિદ્ર પડયું હોત તો ચંદ્રની **કાતીલ ઠંડી** કોનરાડને ઘાતક નીવડી હોત. પરંતુ હકીકતમાં કોનરાડ પડી ગયો હતો તે સમયે ચંદ્ર પર સતત ૨૪ કલાકથી સૂર્યનો **સખત તાપ પડી રહ્યો હતો.** આ સમયે ચંદ્ર પર કાતિલ ઠંડી આવી કયાંથી ? ઉપર મુજબ પરસ્પર છેદ ઉડાડતા એવા એકેક નિવેદનો અંગે વિસ્તારના ભયથી વધુ માહિતી આપતા નથી.

(૫) વૈજ્ઞાનિક થીયરી પ્રમાણે કોઈપણ અવકાશયાને પૃથ્વીથી ૩૦૦ માઈલ દૂર વાતાવરણની બહાર જવું હોય તો યાનની ઝડપ ઓછામાં ઓછી કલાકની ૧૮૫૦૦ માઈલની અને પૃથ્વીના ગુરૂત્વાકર્ષણથી બહાર યાનને નીકળવું હોય તો ઝડપ કલાકના ૨૫૨૦૦ માઈલની રાખવી પડે. જો આ પ્રમાણેની ઝડપ રાખવામાં ન આવે તો યાન પૃથ્વીના ગુરૂત્વાકર્ષણના કારણે પૃથ્વી પર પાછું ખેંચાઈ આવે. ( આ ઝડપ ચંદ્રના ગુરૂત્વાકર્ષણમાં યાન પ્રવેશ ન કરે ત્યાં સુધી એટલે કે ૧૬૦૦૦૦ માઈલ સુધી તો રાખવી જ પડે. )

વાસ્તવિક બાબત આથી જુદી છે. ચંદ્ર પર જઈ રહેલાં અવકાશયાનની ઝડપ કલાકની માત્ર ૮૦૦૦ કિ. મી. બતાવવામાં આવી છે. સિદ્ધાંત અને વ્યવહારને કોઈ મેળ જ ખાતો નથી.

(૬) નીચેનો પ્રસંગ વિચારવા જેવો છે.

"એપોલો યાનમાંથી માનવીના આવેલા વિચિત્ર અવાજો." "આ અગાઉ ચંદ્ર પરથી પૃથ્વી ભણી પાછા આવતાં એપોલો યાનમાંથી અત્રેના મિશન કંટ્રોલમાં ધસમસતા ચિત્રવિચિત્ર અવાજોથી અધિકારીઓ આજે ભારે મૂંઝવણમાં મૂકાઈ ગયા હતા. રેડ ઈન્ડિયનોની યુદ્ધ કિકિયારીઓ અને ભારે અટ્ટહાસ્ય સમા એ અવાજોએ શ્રોતાઓને ગઈ રાતે ચોંકાવી મૂકયા હતા. એપોલો ત્યારે ૧૬૦૦૦૦ નોટીકલ માઈલ (આશરે ૨૯૬૦૦૦ કિ. મી.) બાહ્યાવકાશમાં હતું. મિશન કંટ્રોલે તો અવકાશયાત્રીઓ નીલ આર્મસ્ટ્રોંગ, એડવિન અને કોલિન્સને પૂછયું પણ હતું કે શું તમને **બરાબરની પાકી ખાત્રી છે ને કે તમારી સાથે ત્યાં કોઈ નથી?** પણ કલાકો પછીય રેડિયો પર સંભળાતા એ વિચિત્ર અવાજોનો કોઈ ખુલાસો થયો ન હતો.

[–જનસત્તા ૨૪–૭–૬૯ પાનું ૧]

" કોઈ રમત રમાતી હોય અને જીતે ત્યારે ખેલાડીઓનું જંગી ટોળું વિજયના ઉન્માદમાં ઘોંઘાટ કરી મૂકે તેવા અવાજો હ્યુસ્ટનના કેન્દ્ર પર નોંધાયા હતા, સંભળાયા હતા. પહેલાં એમ લાગ્યું કે એપોલો–૧૧માંથી અવાજ આવે છે, એટલે અવકાશયાત્રીઓને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે

શું છે ત્યાં? તમારી સાથે તો કોઈ નથી ને? થોડાક કલાકો સુધી જવાબ મળ્યો નહિ. પછી સંદેશા–વ્યવહાર ફરી સ્થપાયો ત્યારે જાહેર કરવામાં આવ્યું કે વિચિત્ર અગમ્ય અવાજો એપોલો–૧૧માંથી આવ્યા ન હતા. એપોલોના અગાઉના ઉડ્ડયન દરમ્યાન પણ ભૂમિ કેન્દ્ર પર આવા વિચિત્ર ઘોંઘાટ નોંધાયા છે પણ એનો કોઈ ખુલાસો મળતો નથી. યુદ્ધે ચઢેલા હજારો રેડ ઈન્ડિયનોનો જાણે અવાજ ન હોય? ભૂતોના ખડખડાટ હાસ્ય જેવો અવાજ સંભળાય છે એમ કહેવાતું હતું.”

[–જયહિન્દ તા. ૨૪–૭–૬૯ પાનું ૩]

“આની તાત્કાલિક ચોખવટ મીશન, કંટ્રોલ કે અવકાશી વીરો કરી શકયા ન હતા.”

[–જનસત્તા તા. ૨૪–૭–૬૯ પાનું ૯]

“કમાન્ડર નીલે જણાવ્યું હતું કે એ અવાજો તો અમારી પાસેની ટેપરેકોર્ડીંગ પરથી તમને સંભળાવ્યા હતા. બરાબર ૨૦ વર્ષ અગાઉ મેં એ આલ્બમ તૈયાર કર્યું હતું. છે ને એ ચંદ્રનું સંગીત?”

[–જનસત્તા તા. ૨૪–૭–૬૯ પાનું ૧]

ઉપરના બધા જ સમાચાર ધ્યાનથી વાંચ્યા?

નીલ આર્મસ્ટ્રોંગને ૨૦ વર્ષ પહેલાં પોતે ચંદ્ર પર જવાનો છે તેની ખબર હશે? તેણે ચંદ્રના સંગીતવાળી ટેપ ૨૦ વર્ષ પહેલાં તૈયાર કરી હોય તો, અધિકારીઓ અને મિશન કંટ્રોલને જાણ કર્યા વગર સાથે યાનમાં લઈ જઈ

શકયો હશે ? આવા ગંભીર ઉડ્ડયનમાં જાણ કર્યા વગર કોઈ વસ્તુ યાનમાં અવકાશયાત્રીથી મનસ્વીપણે લઇ જઈ શકાય ? મિશન કંટ્રોલરને જો જાણ કરી હોય તો તે મુંઝાઇને "તમારી સાથે તો કોઈ નથી ને ?" જેવો પ્રશ્ન શા માટે પૂછયો હશે ? અને સંદેશા વ્યવહાર ફરી સ્થપાયા પછી "આ વિચિત્ર અવાજો એપોલો-૧૧માંથી આવ્યા ન હતા." તેવું શા માટે જાહેર કરવામાં આવ્યું હશે ? અને છેલ્લો પ્રશ્ન-જો આ અવાજો ટેપના હોય તો **આ અગાઉના ઉડ્ડયનો દરમ્યાન નોંધાયેલા** આવા જ **વિચિત્ર અવાજોનો** ખુલાસો શું ? એટલે નીલ આર્મસ્ટ્રોંગે લૂલા બચાવ માટે રજૂ કરેલી ટેપની બનાવટી વાત સાવ ખોટી સાબિત થાય છે.

મિશન કંટ્રોલે પૂછેલ પ્રશ્ન "શું છે ત્યાં ? તમારી સાથે તો કોઈ નથી ને ?" એ શું સુચવે છે ? જો યાન બાહ્યાવકાશમાં હોય તો આવા પ્રશ્નો પૂછવાની સામાન્ય મૂર્ખામી મિશન કંટ્રોલ કરે ? બાહ્યાવકાશમાં યાનમાં કોણ આવી શકવાનું હતું ? પણ મિશન કંટ્રોલ જાણતું હોવું જોઈએ કે યાન તે વખતે મધ્ય અમેરિકાના પેરૂ કે બ્રાઝિલના જંગલ વિસ્તારમાં કયાંક ભૂમિ પર જ હોવું જોઈએ. (અને તે હકીકત રેડ ઈન્ડિયનોના અવાજો સાબિત કરી આપે છે.) અને તેથી આવો પ્રશ્ન પૂછયો હતો. આમ પાપ ગમે તે રીતે છૂપાવવા જતાં તેનો ભાંડો ફૂટયા વગર રહ્યો નહિ. હકીકતે તેઓ બાહ્યાવકાશમાં હોવાના સમયે તેઓ મધ્ય અમેરિકાના પેરૂ કે બ્રાઝિલના જંગલ વિસ્તારમાં જ હોવા જોઈએ. આ ઉપરાંત બીજા

પણ અનેક પુરાવા છે જે વિસ્તારના ભયથી અત્રે પડતાં મૂકવા પડે છે. [ આ અંગે વિશેષ જાણવા માટે જિજ્ઞાસુઓને "ચંદ્રયાત્રાની ભીતરમાં" નામની ૧૯૬૯ સપ્ટેમ્બરથી ૧૯૭૧ માર્ચ સુધી "કલ્યાણ" માસિકમાં પ્રગટ થયેલ લેખમાળા, અને "ભૂભ્રમણ શોધ સંશોધન–મહેસાણા" તરફથી પ્રગટ થયેલ "એપોલોની ચંદ્રયાત્રાનું રહસ્ય" (પાના નં. ૬૫ થી ૭૯ સુધી) વાંચવા ભલામણ છે. ]

રશિયાએ અવકાશ યાત્રા અંગે કરેલાં નિવેદનો રશિયન વૈજ્ઞાનિક ત્સિઓલ્કવસ્કીએ લખેલા પુસ્તક 'આઉટ સાઈડ અર્થ'–(પૃથ્વીની પેલે પાર) ના 'અવકાશી ઉડ્ડયનના સંજોગો' નામના પ્રકરણની ટ્રયુ કોપી – (સાચી નકલ) જેવા છે અને અમેરિકાની ચંદ્રયાત્રાના નિવેદનો–'જુલે વર્ન' ની કથા પુસ્તિકા 'એ ટ્રીપ ધ અર્થ ટુ ધ મૂન' (પૃથ્વીથી ચંદ્રની સફર) માં કરેલા વર્ણન જેવા જ છે. અમેરિકાએ ન્યૂયોર્કની નજીક હોયસન પાસે એક પ્લેનેટેરિયમ બનાવેલું છે. ત્યાં બનાવટી ચંદ્રયાત્રા કરી શકાય તેવો એક ડોમ બનાવેલો છે. સાચી ચંદ્રયાત્રા જ લાગે તેવી બનાવટી ચંદ્રયાત્રા ત્યાં કરાવવામાં પણ આવે છે. એપોલો તરફથી જે દશ્યો રીલે કરવામાં આવ્યા તે આ બનાવટી ચંદ્રયાત્રામાં પણ બતાવી શકાય તેવા હતા. એપોલોના ઉડ્ડયન વખતે ઉડ્ડયન મથકથી લોકો ત્રણ માઈલ દૂર હતા. તેથી ચંદ્રયાત્રીઓને ત્યાંથી ગુપ્ત રીતે લઈ જઈ શકાય અને આ બનાવટી દશ્યો રીલે કરી શકાય અને ત્યાર બાદ અવકાશયાત્રીઓને ચંદ્ર પરનાં ઊતરાણના નક્કી

કરેલા સમયે દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કાંઠે આવેલા એન્ડ્રુઝ પર્વતમાળામાં મોકલીને પર્વતમાળાના ઉત્તરમાં આવેલા જ્વાળામુખી પર્વત ઉપર જે કાર્યવાહી કરવામાં આવે તે કાર્યવાહીને ચંદ્ર પરની કાર્યવાહી તરીકે પ્રચારમાં મૂકી શકાય અને ચંદ્ર ઉપરથી પાછા આવવાના ત્રણ દિવસો બ્રાઝિલ કે પેરૂના જંગલમાં ગુપ્ત રીતે વીતાવી અવકાશયાત્રીઓને આટલાંટિકમાં ઉતરાણ કરાવી તેનાં જ દૃશ્યો ટેલિવિઝન પર બતાવી શકાય તેમ છે. આ એક રાજકીય લશ્કરી સ્ટંટ હતો. ચંદ્રયાત્રા પાછળ બતાવાતો ખર્ચ લેસર કિરણોની શોધ, ઝેરી વાયુઓની બનાવટ, અને વિયેટનામ સાથેના યુદ્ધ દરમ્યાન વિયેટનામ પર ભયંકર વરસાદના કરેલા પ્રયોગો માટે થયેલો ખર્ચ હોવો જોઈએ. (વિયેટનામ સાથેના યુદ્ધમાં ૭૫૦૦ અબજ રૂપિયા અર્થાત્ ૯૦૦ અબજ ડોલરનો ખર્ચ કરવામાં આવ્યો છે.) ટાપુ પર છુપાવેલા કરોડો ટન ઝેરી વાયુઓના લીકેજને કારણે એ ભાંડો પણ ફૂટી ગયો છે. ચંદ્રયાત્રાનો સમય ગાળો એ વિયેટનામ પર કૃત્રિમ રીતે વરસાદ વરસાવ્યાનો જ ગાળો છે. જે સમયે ચંદ્રયાત્રા ચાલતી હતી તે સમયે વિયેટનામમાં ભયંકર કૃત્રિમ વરસાદ વરસાવવાના અત્રકાશી પ્રયોગો ચાલતા હતા. વિયેટનામી પ્રજાએ નામોશીભરી હાર આપતાં અમેરિકાએ યુદ્ધને સંકેલવા માંડ્યું. સાથે સાથે ચંદ્રયાત્રા પણ સંકેલાતી ગઈ. ચંદ્રયાત્રા સંકેલવા સાથે હજારો માણસોને છૂટા કરવાથી અમેરિકામાં બેકારી ફેલાઈ ગઈ – હકીકતમાં

શસ્ત્ર ઉત્પાદન, ઝેરી વાયુ અને રસાયણો તથા લેસર કિરણોની શોધ પછી તેમાં રોકાયેલા માણસોને છૂટા કરવાથી આ બેકારી ફેલાઈ હતી. આમ એક સાથે બે નાટક ભજવાયાં. વિયેટનામનું વાસ્તવિક યુદ્ધ અને ચંદ્રયાત્રાનું બનાવટી તૂત. ચંદ્રયાત્રાના બનાવટી તૂતથી એક બીજો લાભ યુરોપિયન પ્રજાને એ થયો કે એશિયાની શ્રદ્ધાવંત ધાર્મિક પ્રજાની શ્રદ્ધા પર મોટો ફટકો પડ્યો. આમ યુદ્ધની કાર્યવાહીથી જગતને અજ્ઞાત રાખવા અને ધર્મ પ્રત્યેની એશિયન પ્રજાની શ્રદ્ધાને ખતમ કરવા ચંદ્રયાત્રા નામની બનાવટ જગત સાથે કરવામાં આવી.

વાઈકીંગનું મંગળ પરનું સંશોધન એ પણ ચંદ્રયાત્રા જેવી જ બનાવટ અને અવકાશી પ્રયોગો તથા પૃથ્વીના હવામાનને પલટવાના કાર્યોનો એક ભાગ છે—વાઈકીંગ–૨ ના ઉડ્ડયનની સાથે સાથે પશ્ચિમ યુરોપમાં ગરમીનું મોજું ફરી વળ્યું છે. પૂર્વ એશિયા (ભારત–ચીન, રશિયાનો પૂર્વ ભાગ વગેરે) માં સેંકડો વર્ષમાં નહિ પડેલો વરસાદ વરસ્યો છે. ઠંડીને બદલે વાતાવરણમાં તાપ અને બાફ છે. વાતાવરણમાં કૃત્રિમતા જણાય છે. આની પાછળના હેતુઓ અને રહસ્યો ખૂબ જ ઊંડા છે. તથા દૂરના ભવિષ્યને અનુલક્ષીને છે. પરંતુ વિસ્તાર ભયથી અત્રે વધુ હકીકત રજૂ કરતા નથી.

**પ્રશ્નોત્તર સમાપ્ત**

# અંધશ્રદ્ધામાં કોણ ચડે ?

આજના શિક્ષિત જગતમાં ધર્મશ્રદ્ધામાં આસ્થાવાળા ગૃહસ્થો ઉપર શિક્ષિત સમાજ તરફથી કેટલીક વખત અંધશ્રદ્ધાળુ હોવાનો આક્ષેપ કરવામાં આવે છે. એક વખત માની લઇએ કે ધર્મશ્રદ્ધાળુ ગૃહસ્થમાં ક્યારેક અંધશ્રદ્ધા પણ હોઈ શકે. પરંતુ ખરેખર અંધશ્રદ્ધામાં સૌથી વધુ કોણ ચડી જાય છે તે પણ સમજવા જેવું છે.

## શ્રદ્ધા તથા અંધશ્રદ્ધાની તરતમતા

(૧) જૈન શાસ્ત્રોમાં કહેલા કર્મવાદના સિદ્ધાંત પ્રમાણે દરેક આત્મા પોતપોતાના કર્મને આધારે સુખદુઃખ પ્રાપ્ત કરે છે. તથા શ્રી સર્વજ્ઞ ભાષિત દ્રવ્યાનુયોગના વર્ણનો પ્રત્યક્ષપણે અનુભવસિદ્ધ સત્ય પુરવાર થઈ રહ્યા હોવાની સ્પષ્ટ ખાત્રી થતી હોવાથી બાકી ગણિતાનુયોગ આદિ સર્વ-યોગ તથા શ્રી જિનવચનમાં શ્રદ્ધા રાખનારને શ્રદ્ધાળુ કહી શકાય. (આવી રીતે શ્રી જિનવચન ઉપર સંપૂર્ણપણે શ્રદ્ધા રાખનારને પણ કેટલોક કહેવાતો શિક્ષિત વર્ગ અંધશ્રદ્ધાળુ તરીકે ઓળખાવે છે.)

(૨) બ્રાહ્મણ–વૈષ્ણવ આદિ વૈદિક ધર્મની શાખારૂપ ધર્મ પાળનારાઓ પણ પાપ–પુણ્યના ફળ સ્વરૂપ સુખદુઃખની પ્રાપ્તિને માને છે તથા ભગવાન, પ્રભુ, ઋષિ મહાત્માઓ આદિના વરદાન–શ્રાપ દ્વારા પણ સુખદુઃખની પ્રાપ્તિ માને છે. તેથી તે શ્રદ્ધા–અંધશ્રદ્ધા મિશ્રિત ગણાય.

(૩) પરંતુ જેઓ આખા જીવન દરમ્યાન ખરાબ કાર્યોનું વધુ પડતું આચરણ કરીને છેવટે મરતી વખતે જ **પાપનું પ્રાયશ્ચિત્ત પાપના એકરાર** દ્વારા કરીને ધર્મગુરુ દ્વારા સ્વર્ગમાં જવાનો પરવાનો મેળવી લે છે તે અંધશ્રદ્ધામાં ચડી જાય છે.

(૪) જેઓ આખા જીવન દરમ્યાન પાપ કાર્યો-હિંસા-અનીતિ, દગો-ફટકો, વિશ્વાસઘાત આદિ કરીને મૃત્યુ સમયે પૈસા આપીને સ્વર્ગમાં જવાનો પરવાનો ખરીદી લે છે. અને આવા પરવાના દ્વારા જે સ્વર્ગમાં જવાની આશા રાખે છે તે ધર્મના અનુયાયીને કેવા શ્રદ્ધાળુ કહેવા ? (અંધશ્રદ્ધાની અતિરેકતા) અને પૈસા લઈને સ્વર્ગમાં જવાના પરવાના વેચનારા કેટલાક ધર્મના ધર્મગુરુઓ પ્રત્યે અંધશ્રદ્ધા રાખનારાઓની સંખ્યા પણ આજે નાનીસૂની નથી.

(૫) પણ સૌથી વધુ અંધશ્રદ્ધાળુ તો તે જ છે કે જે આજે વિકસી રહેલા વિજ્ઞાનના રોજ-બ-રોજ ફર્યા કરતા સિદ્ધાંતોની બુદ્ધિપૂર્વકની ચકાસણી કર્યા સિવાય જ જ્યારે-ત્યારે વૈજ્ઞાનિકો તરફથી જાહેર કરવામાં આવતા સિદ્ધાંતોને શ્રદ્ધાપૂર્વક સાચા માની લે છે અને જ્યારે અગાઉ જાહેર થઈ ગયેલા હોય તેવા સિદ્ધાંતોમાં જ વારંવાર પરિવર્તન થાય છે ત્યારે ત્યારે વારંવારના પરિવર્તનને પણ **સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારી લે છે. તે જ સૌથી વધુમાં વધુ અંધશ્રદ્ધાળુ છે.**

આજે બુદ્ધિવાદની વાતો કરનારા, પ્રત્યક્ષ અનુભવ પ્રમાણની વાતો કરનારા પણ જ્યારે એક પણ પ્રત્યક્ષ પ્રમાણ સિવાય જ, પૃથ્વી સ્થિર હોવાના અનેક પ્રત્યક્ષ પ્રમાણ હોવા છતાં પણ વૈજ્ઞાનિક નિયમોના આધારે જ પૃથ્વીને ફરતી માને છે, અને અનેક પ્રકારના પુરાવાઓ રજૂ કરવા છતાં પણ ઘણો મોટો વર્ગ આ વિષયમાં વિચારણા કરવા પણ તૈયાર નથી. અરે! કેટલાંક તો સાંભળવા પણ તૈયાર નથી. તેઓની મુખ્ય દલીલ એ છે કે "શું આ બધા વૈજ્ઞાનિકો અત્યાર સુધી કહી ગયા છે તે ખોટું છે?" આવા અંધ શ્રદ્ધાળુઓને મન પરમાત્મા, ભગવાન કે સર્વજ્ઞ કરતાં વૈજ્ઞાનિકો જ વધુ વિશ્વાસપાત્ર છે. વૈજ્ઞાનિકો જ જાણે તેમના ભગવાન છે, જે અંધશ્રદ્ધાની પરાકાષ્ટા સિવાય બીજું કાંઈ જ નથી.

# ભારત અને ભરત

આજના વર્તમાન કાળમાં ભારત અને ભરત વચ્ચે નામની સમાનતાને કારણે ઘણી વખત ગુંચવાડો થઈ જતો માલુમ પડી આવે છે અને જે સ્થાને ભરતક્ષેત્રનો ઉલ્લેખ આવે છે, તે સ્થાને તેના ટૂંકા નામ ભરતને સ્થાને ભારત શબ્દ વપરાયેલો જોવામાં આવે છે અને તેથી સામાન્ય જન-સમૂહ ઉપર સમગ્ર ભરતક્ષેત્રને સ્થાને ભારત એટલે ભારત–વર્ષ(જૂનું હિંદુસ્તાન)નો જ આભાસ ઉપસી આવે છે. આ પરિસ્થિતિ લાંબા સમયથી ચાલી આવે છે અને આ કારણે જ કેટલાક પ્રશ્નો ગુંચવાઈ ગયા છે અને જે શાસ્ત્ર કથિત સ્થળોના ઉલ્લેખો આવે છે તે સ્થળોનો સમગ્ર ભરતક્ષેત્રમાં જ સમાવેશ થતો હોવા છતાં તે તે સઘળા સ્થળોનો પ્રાયઃ ભારતવર્ષમાં જ સમાવેશ કરવાની ભૂલ પણ થઈ જાય છે. આવી ભૂલો ના થાય તે માટે આપણે ભરતક્ષેત્ર અને ભારત વર્ષની સાચી પરિસ્થિતિ જાણી લેવી જરૂરી છે

ભરતક્ષેત્ર–એ બે વિભાગ (ઉત્તરાર્ધ ભરત અને દક્ષિણાર્ધ ભરત)માં અથવા છ ખંડ(ઉત્તરાર્ધના પૂર્વ–મધ્ય અને પશ્ચિમ તથા દક્ષિણાર્ધ ભરતના પણ પૂર્વ–મધ્ય અને પશ્ચિમ એમ ૩+૩ કુલ ૬ ખંડ)માં વહેંચાએલો છે તથા ઉત્તરાર્ધ અને દક્ષિણાર્ધ ભરતક્ષેત્ર એમ બંને વિભાગમાં સોળ–સોળ હજાર મળીને કુલ ૩૨૦૦૦ દેશો રહેલા છે. આ ભરતક્ષેત્ર ઉત્તરથી દક્ષિણ ૫૨૬ યોજન પહોળો અને પૂર્વથી પશ્ચિમ

આશરે ૧૪૪૭૧ યોજન લાંબો છે. તેનું કુલ ક્ષેત્રફળ ૫૩ લાખ યોજનથી અધિક છે. દક્ષિણાર્ધ ભરતક્ષેત્રનું ક્ષેત્રફળ ૧૮ લાખ યોજનથી અધિક છે અને સમગ્ર ભરતક્ષેત્રમાં આવેલા બત્રીશ હજાર દેશો પૈકી દક્ષિણાર્ધ ભરતના મધ્ય-ખંડમાં ૫૩૨૦ દેશો આવેલા છે જે પૈકી ૨૫½ દેશો આર્ય છે (બાકીના બધાજ દેશો અનાર્ય છે) તેવા એક દેશનું સરેરાશ ક્ષેત્રફળ લગભગ સવાસો યોજનનું છે. (આ યોજન પ્રમાણાં-ગુલ યોજન ગણવાના છે અને ૧ પ્રમાણાંગુલ યોજન=૩૬૦૦ માઈલ આશરે થાય છે.) આ રીતે ૩૨૦૦૦ દેશો છ ખંડ અને બે વિભાગ(ઉત્તરાર્ધ અને દક્ષિણાર્ધ)વાળું જે ક્ષેત્ર તે ભરતક્ષેત્ર.

**ભારત વર્ષ**—ભારત વર્ષ એટલે આજના ભારત, પાકિસ્તાન અને બંગલા દેશની સામૂહિક ભૂમિ. નજીકના ભૂતકાળમાં હિંદુસ્તાન તરીકે ઓળખાતા આ ભારતને જ આપણે ભરતક્ષેત્ર માની લેવાની ભૂલ ઘણી વખત કરી નાખીએ છીએ પરંતુ આ ભારત વર્ષ કે હિંદુસ્તાન તો એશિયા ખંડનો જ એક વિભાગ છે. અને આ ભારત–વર્ષવાળા એશિયા ખંડ સહિત કુલ છ કે સાત ખંડ (એશિયા–આફ્રિકા–યુરોપ–ઉત્તર અમેરિકા–દક્ષિણ અમેરિકા–ઓસ્ટ્રેલીયા અને દક્ષિણ ધ્રુવ ખંડ) ભૂમી જ આજના માનવસમૂહાયથી પરિચિત થઈ શકી છે અને આ સાત ખંડને જ આજનો માનવસમૂહ આખી પૃથ્વી તરીકે સ્વીકારી લે છે. આજના આધુનિક શિક્ષણમાં પલોટાયેલો

માનવસમૂહ જેને આખી પૃથ્વી કહે છે તે આખી પૃથ્વી (મહાસાગરો સહિતની સાત ખંડોવાળી ભૂમિ)નો આપણે '**પરિચિત દૃશ્ય જગત**' તરીકે ઉલ્લેખ કરવો વધુ સુગમ થઈ પડશે. આ 'પરિચિત દૃશ્ય જગત'નો વિસ્તાર વધુમાં વધુ ૨૦૦૦૦ માઈલ લાંબો અને ૨૦૦૦૦ માઈલ પહોળો છે અને તે શાસ્ત્રીય માપ પ્રમાણાંગુલ યોજન પ્રમાણે તો લગભગ છ યોજન લાંબી અને છ યોજન પહોળી ભૂમિ કહી શકાય જેનું કુલ ક્ષેત્રફળ લગભગ ૩૫ યોજન થાય. આ ૩૫ યોજન (લગભગ) ક્ષેત્રફળવાળા આધુનિક દૃશ્ય જગતના સાત ખંડો પૈકી એશિયા ખંડનો એક વિભાગ એજ ભારત વર્ષ. આ ભારત વર્ષ (જુના સમયનું સમગ્ર હિંદુસ્તાન) ઉત્તર દક્ષિણમાં ૧૯૦૦ માઈલ લાંબુ અને પૂર્વથી પશ્ચિમ ૧૮૦૦ માઈલ પહોળું છે જે પ્રમાણાંગુલથી માપીએ તો લગભગ ૦ાા યોજન લાંબુ અને ૦ાા યોજન પહોળું છે. જેનું ક્ષેત્રફળ આશરે ૦ા યોજન જ થાય. આ ૦ા યોજન ક્ષેત્રફળવાળી ભૂમિ તે જ ભારતવર્ષ.

### આ ભારત વર્ષનું ભરત ક્ષેત્રમાં સંભવિત સ્થાન.

ભરત ક્ષેત્રે–દક્ષિણાર્ધ ભરતે–મધ્ય ખંડે....

(દક્ષિણ ભરતના મધ્ય ખંડમાં)પણ મધ્ય ભાગે–આર્યાવર્તે (૨૫½ આર્ય દેશોનો સમૂહ) દક્ષિણ તટે (દક્ષિણ છેડે) સગર ચક્રવર્તી દ્વારા આકર્ષિત લવણ જલ મધ્યે–દ્વીપ સમુદ્રે – (એશિયા–આફ્રિકા વિગેરે સાત દ્વીપ અથવા

ખંડ) એશિયા દ્વીપે-ભારત વર્ષે ગુર્જર પ્રદેશે (ગુર્જર વસાહતે) રાજનગરે.

એટલે દક્ષિણ ભરત ક્ષેત્રના–મધ્ય ખંડમાં–આર્યાવર્તના–દક્ષિણ કીનારે–લવણ સમુદ્રના આવેલા પાણી વચ્ચે–એશિયા ખંડમાં–આ ભારત વર્ષ રહેલો છે.

એટલે ભરતક્ષેત્ર એ–૩૨૦૦૦ દેશો જેમાં સમાઈ જાય છે તેવી છ ખંડવાળી ભૂમિ અને ભરતક્ષેત્રનાં જ દક્ષિણાર્ધ ભરતના મધ્ય ખંડના આર્યાવર્તના છેક દક્ષિણ કીનારે આવેલા દ્વીપસમૂહોમાંના એક એશિયા દ્વીપ(ખંડનો)નો એક નાનો સરખો વિભાગ એજ ભારતવર્ષ.

ભરતક્ષેત્રમાં આવેલા છ ખંડ-વૈતાઢ્ય પર્વત–૩૨૦૦૦ દેશ કે ગંગા કે સિંધુ નદીના સમાવેશ ભારતવર્ષમાં થઈ શકે નહિ. આ બધાનો સમાવેશ તો ભરતક્ષેત્રમાં જ થઈ શકે.

કેટલીક જરૂરી સ્પષ્ટતાઓ—

## ભારતક્ષેત્રમાં

| | | |
|---|---|---|
| ઉત્તરે— | હિમવંત પર્વત | આ ચાર શાશ્વત પર્વત તથા નદી રહેલા છે. |
| મધ્યમાં— | વૈતાઢ્ય પર્વત | |
| પૂર્વ તરફ વહેતી— | ગંગા નદી | |
| પશ્ચિમ તરફ વહેતી— | સિંધુ નદી | |

## ભારતવર્ષમાં

| | | |
|---|---|---|
| ઉત્તરે— | હિમાલય પર્વત | આ ચાર |
| મધ્યમાં— | વિંધ્યાચલ પર્વત | અશાશ્વત |
| પૂર્વ તરફ— | ગંગા નદી | પર્વતતથા નદી |
| પશ્ચિમ તરફ વહેતી— | સિંધુ નદી | રહેલા છે. |

પરંતુ આ ચારે સમાન નામવાળા પર્વતો તથા નદીઓ ભરતક્ષેત્ર માફક ભારતવર્ષમાં પણ હોવાથી ભરતક્ષેત્ર તરીકે ભારતવર્ષને જ માની લેવાની ગુંચવણ વધુ દૃઢ બની છે.

પરંતુ ભરતક્ષેત્રની ઉત્તરે આવેલ હિમવંત પર્વતની ઉત્તરમાં હિમવંત ક્ષેત્ર આવેલું છે, જે અકર્મ ભૂમિ છે અને ત્યાં અસિ–મસિ કે કસિ (શસ્ત્ર–લેખન સામગ્રી–ખેતીવાડી) નો કોઈજ વ્યવહાર નથી. યુગલિક માનવો વિચરે છે. કલ્પવૃક્ષો તમામ સામગ્રી કે ઇચ્છાઓ પૂર્ણ કરે છે ત્રીજા આરાના ભાવ પ્રવર્તે છે માનવીનું એક ગાઉનું શરીર અને એક પલ્યોપમનું આયુષ્ય હોય છે.

જ્યારે ભારત વર્ષની ઉત્તરમાં આવેલ હિમાલય પર્વતની ઉત્તરે ચીન–તિબેટ અને અફઘાનિસ્તાન આદિ દેશો આવેલા છે. તે કર્મ ભૂમિ એટલે અસિ–મસિ અને કસિ (શસ્ત્ર–લેખન–ખેતીવાડી)ના વ્યવહારવાળા અને પાંચમાં આરાના ભાવ પ્રવર્તે છે માનવી અલ્પ આયુષ્યવાળા અને નાના માપવાળા શરીરના હોય છે. જેથી ભારતવર્ષને સમગ્ર ભરતક્ષેત્ર તથા હિમાલય પર્વતને હિમવંત પર્વત તરીકે માની શકાય તેમ નથી જ. તો ભરતક્ષેત્રનો

આ રીતે ભારતવર્ષ ~~અને ભરતક્ષેત્ર એ બે જુદા જ ક્ષેત્રો છે.~~
નાનો સરખો એક ભાગ છે

# શું પાંચમા આરાની શરૂઆતમાં મનુષ્યની ચાલવાની અને બીજી શક્તિઓ આટલી બધી વિશાળ હતી?

સામાન્ય રીતે હાલમાં જૈન સમાજમાં એવી માન્યતા પ્રવર્તે છે કે ચોથા આરાના અંત સમયે તથા પાંચમા આરાની શરૂઆતમાં મનુષ્યની ચાલવાની શક્તિ દરરોજના ૧૦૦ થી ૧૨૫ માઈલ હોઈ શકે. પરંતુ આ પ્રચલિત માન્યતા અંગે વિશેષપણે વિચાર કરવાની ખાસ આવશ્યક્તા છે અને તે માટે નીચે જણાવેલા ખાસ મુદ્દાઓ ખાસ ધ્યાનમાં રાખવા જેવા છે.

જેવી રીતે હાલની ઊંચાઈ ૩॥ થી ૪ હાથ કરતા તે વખતની ઊંચાઈ લગભગ ૭ હાથની (હાલના કરતાં લગભગ ડબલ) હોવાના કારણે તે વખતની ચાલવાની શક્તિ પણ લગભગ ડબલ માનવામાં આવે છે તેવી જ રીતે હાલના ૬થા છેવઠ્ઠુ સંઘયણના બદલે પહેલા વજ્રઋષભનારાચ સંઘયણની શક્તિ પણ ખાસ ધ્યાનમાં લેવા જેવી છે.

છેલ્લા છેવઠ્ઠુ (૬ થુ સંઘયણ) કરતાં ૧લા વજ્રઋષભ-નારાચ સંઘયણના કારણે ચાલવાની શક્તિ અનેક ઘણી વધી જાય છે. છઠ્ઠા સંઘયણ કરતાં પાંચમા સંઘયણ, પાંચમા કરતાં ચોથા, ચોથા કરતાં ત્રીજા, ત્રીજા કરતાં બીજા અને બીજા કરતાં પહેલા સંઘયણને કારણે ચાલવાની શક્તિ ઉત્તરોત્તર

વધતી જ જાય છે અને તેથી કરીને છઠ્ઠા સંઘયણ કરતાં પહેલાં સંઘયણની શક્તિ લગભગ ૨૦ થી ૨૫ ગણી હોવાની સંભાવના માની શકાય અને તેથી કરીને તે કાળમાં મનુષ્યની ચાલવાની શક્તિ દરરોજ ૧૫૦૦ થી ૨૦૦૦ માઈલની સામાન્ય પણે માની શકાય.

હાલમાં (વિ. સં. ૨૦૩૦ ઈ. સ. ૧૯૭૫ લગભગ) મનુષ્યની ચાલવાની શક્તિ દરરોજના ૪૦ માઈલની ચાલવાની શક્તિ રહેલી જ છે. (અલબત્ત બધા જ મનુષ્યો દરરોજ ૪૦ માઈલ ચાલતા નથી કે ચાલવાની શક્તિ પણ ધરાવતા નથી. પરંતુ અત્યારે પણ કેટલાક મનુષ્યો એવા છે કે જે ૪૦-૫૦ માઈલની ચાલવાની શક્તિ ધરાવે છે.) દરરોજ ૩૫ થી ૪૦ માઈલ વિહાર કરનારા મુનિરાજો હાલમાં પણ વિદ્યમાન છે. જ્યારે આજથી ૫૦-૬૦ વરસ પહેલાં એક જ દિવસમાં ૭૦-૮૦ માઈલ ચાલવાના બનાવો બનેલા છે. કેટલાક ચોર-લુંટારાઓ તો એકજ રાત્રિમાં ૧૦૦ માઈલ દૂર નાસી જવાના બનાવો પણ બનેલા છે તદુપરાંત ઈ સ ૧૯૬૦ માં એક માણસ કેરળથી મુંબઈ (લગભગ ૧૦૦૦ માઈલ) ૧૪ દિવસે પગે ચાલીને પહોંચી ગયેલ છે.

(૨) મેન્સન એહર્નસ્ટ નામનો એક નોર્વેજીયન ઈ. સ. ૧૮૩૩માં મુનચેનથી ગ્રીસ સુધીનું ૨૦૦૦ માઈલનું અંતર ૨૪ દિવસમાં તથા ઈસ્તુંબલથી કલકત્તા આવવા-તથા જવાનું કુલ ૬૨૫૦ માઈલનું અંતર ૫૯ દિવસમાં કાપેલું છે. (સંદેશ-પા. ૪ તા. ૨૭-૧-૧૯૬૪)

(૩) હાલમાં પાટણ પાસે કુણગરે ગામમાં રહેતા ત્રીકમલાલ કરસનદાસ નાયક (ઈ. સ. ૧૯૬૬) ૯૦ વર્ષની ઉમ્મરે પણ કુણગરેથી અંબાજી (લગભગ ૯૦ થી ૧૦૦ માઈલ) ત્રણ દિવસમાં પગે ચાલતા જાય છે અને ત્રણ જ દિવસમાં પગે ચાલતા પાછા આવે છે.

(૪) હાલમાં જ (ઈ. સ. ૧૯૭૭ જાન્યુઆરી ૩૧) સુરત તરફના શ્રી ઝીણાભાઈ નાયક અમદાવાદ સાબરમતી આશ્રમથી દિલ્હી તરફ દોડી રહ્યા છે. અને તા. ૧૫–૧–૭૭ સુધીના પંદર દિવસમાં ૫૮૦ કિલોમીટરનું અંતર કાપીને જયપુર પહોંચ્યા છે. તેઓએ ૭૩ વર્ષની ઉમ્મરે દરરોજ સરેરાશ ૪૦ કિલોમીટર (આશરે ૩૦ માઈલ) નું અંતર કાપેલું છે. તા. ૧૫–૨–૭૭ (સંદેશ–તા. ૧૬–૨–૭૭)

આ ઉપરાંત છેલ્લા ૧૦૦ વર્ષની અંદરના ગાળામાં ઘણા માણસોએ દરરોજના ૭૦ થી ૧૦૦ માઈલ ચાલવાના બનાવો બનેલા છે. આ રીતે ૭૦ થી ૧૦૦ માઈલ ચાલવાના બનાવો છઠ્ઠા છેવઠ્ઠુ સંઘયણવાળા શરીર અને ૫ાા થી ૬ ફૂટ ઉંચાઈવાળા મનુષ્યોના છે.

છઠ્ઠા સંઘયણ અને ૫ાા થી ૬ ફૂટ ઉંચાઈવાળા મનુષ્યો જ જો દરરોજના ૭૦ થી ૧૦૦ માઈલ ચાલવાની શક્તિ ધરાવતા હોય તો ૭ હાથ (૧૦ ફૂટ) આસપાસની ઉંચાઈ ધરાવતા અને પ્રથમ સંઘયણ ધરાવતા મનુષ્યો દરરોજના ૧૫૦૦ થી ૨૦૦૦ માઈલ ચાલવાની શક્તિ ધરાવતા હોય તેમાં કોઈ જ આશ્ચર્ય નથી બલકે તે સ્વાભાવિક જ છે.

વૈજ્ઞાનિક પદ્ધતિએ જોઈએ તો પણ જેમ જેમ ફેફસાંની મજબુતાઈ વિશેષ તેમ તેમ ચાલવાની શક્તિ પણ વિશેષ હોય છે. પા। થી ૬ ફૂટ ઉંચાઈવાળા વૃદ્ધ કરતાં ૪ ફૂટથી પણ ઓછી ઉંચાઈવાળા બાળકો વધુ અંતર વધુ ઝડપથી કાપી શકે છે. ઉંચા વૃદ્ધ માનવી કરતાં નાના બાળકના પગની લંબાઈ ઓછી હોવાને કારણે ટુંકા પગલા ભરવા છતાં પણ ફેફસાંની વધુ મજબુતાઈના કારણે વધુ ડગલાં ચાલી શકે છે. વૃદ્ધ માનવી જ્યારે ૧૦૦ ડગલા જેટલા સમયમાં ચાલી શકે તેટલા જ સમયમાં નાનો બાળક ૨૦૦ થી ૨૫૦ ડગલાં ચાલી શકે અને તેથી જ તે વૃદ્ધ માનવી કરતાં આગળ નીકળી જાય. આ રીતે વૃદ્ધ પુરુષના ડગલા કરતાં બાળકના ડગલાની વધુ સંખ્યા થવાનું કારણ વૃદ્ધ માનવી કરતાં બાળકના ફેફસાંની વધુ મજબુતાઈ જ છે અને તેથી જ જેમ જેમ ફેફસાં વધુ મજબુત તેમ તેમ પગનું રોટેશન (ડગલાં ભરવાની સંખ્યા) વધારે.

શરીર સંઘયણમાં પણ જેમ સંઘયણ સારું તેમ તેમ ફેફસાંનું બળ વધારે. છઠ્ઠા સંઘયણથી પાંચમાં સંઘયણનું ફેફસાંનું વિશેષ બળ. તેવી જ રીતે ઉત્તરોત્તર ૫ થી ૪ થા, ૪ થાં ૩ જા તેવી જ રીતે ઉત્તરોત્તર પ્રથમ સંઘયણવાળા શરીરમાં ફેફસાં પણ ઉત્તરોત્તર વધુ ને વધુ મજબુત હોય છે અને તેથી જ છઠ્ઠા સંઘયણ કરતાં ૧ લા સંઘયણવાળા મનુષ્યના પગોનું રોટેશન ઉત્તરોત્તર વધુને વધુ અને તેથી જ ચાલવાની ક્રિયા પણ ઘણી જ ઝડપથી થાય.

મનુષ્યથી ચલાવાતી સાદી સાયકલની જે ઝડપ હોય છે તે જ સાયકલને જો મોટરનું મશીન લગાડવામાં આવે તો તે જ સાયકલની ઝડપ મોટરની (હોર્સ પાવરની) શક્તિના પ્રમાણમાં ઘણી જ વધી જાય છે.

આ રીતે સમગ્ર વિચાર કરતાં જણાય છે કે હાલના છઠ્ઠા સંઘયણ શરીરવાળા અને ૩ાા થી ૪ હાથ (પાા થી ૬ ફૂટ) ઉંચાઈવાળા મનુષ્યમાં દરરોજના ૬૦–૭૦ માઈલ ચાલવાની શક્તિ હોઈ શકતી હોય તો ૧ લા વજ્રઋષભનારાચ સંઘયણ અને ૭ હાથ આશરે (૧૦ ફૂટ) ઉંચાઈ ધરાવતા માનવોમાં દરરોજના ૧૫૦૦ થી ૨૦૦૦ માઈલ ચાલી શકવાની શક્તિ હોય તેમાં કોઈ જ આશ્ચર્ય નથી.

વળી આત્માંગુલથી ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી રાજગૃહી નગરી (માઈલના હિસાબે આશરે ૨૧૦ માઈલ લાંબી અને ૧૬૦ માઈલ પહોળી) જેવી બીજી પણ કેટલીક મોટી નગરીઓ હતી. જેમાં નગરની બહારના ઉદ્યાનમાં રહેલ વિશિષ્ટ જ્ઞાનીઓની દેશનામાં નગરીના જુદા જુદા ભાગોમાંથી ૧૦૦ થી ૨૦૦ માઈલનું અંતર કાપીને પ્રજાજનો દેશના સાંભળવા આવતાં. દેશના સાંભળીને બપોરના ઘરે પાછા પણ પહોંચી જતા. આ વખતે તેઓ અર્ધા દિવસમાં જ ૨૦૦ થી ૪૦૦ માઈલનું અંતર કાપતા અને દેશના પણ તે સમય ગાળામાં જ સાંભળી શકતા. વળી શ્રેણિક મહારાજા તો ઠાઠમાઠપૂર્વક વરઘોડા સહિત જ ઘણી વખત આવતા અને પાછા પોતાના સ્થાને

મધ્યાહ્ન સુધીમાં પહોંચી જતા—વળી કેટલીક વખત દીક્ષા પ્રસંગોએ પણ વરઘોડા સહિત નગર બહાર જઈને ઉદ્યાનમાં દીક્ષા પ્રસંગ ઉજવાતા. આવા પ્રસંગોએ પણ ૧૫૦ થી ૨૦૦ માઈલના વિસ્તાર વળી નગરીઓમાંથી પ્રજાજનો ૩૦૦ થી ૪૦૦ માઈલ (આવવા તથા પાછા જવાનું કુલ અંતર) ચાલી દીક્ષા પ્રસંગોમાં પણ હાજર થઈને જીવનને ધન્ય બનાવતાં.

આથી સહજ રીતે સમજી શકાશે કે શ્રી મહાવીર સ્વામી પ્રભુના સમયમાં એક બીજા દેશો નગરીઓ વચ્ચે ઘણું અંતર હોવા છતાં પણ ૭ હાથની ઊંચાઈ અને વજ્રઋષભનારાચ સંઘયણ (૧ લા)ના કારણે મનુષ્યની ચાલવાની સ્વાભાવિક શક્તિ ૧૫૦૦ થી ૨૦૦૦ માઈલની હોવાને કારણે શ્રી સાધુ મહારાજાઓ પણ વિહાર કરીને લાંબા અંતરે જઈ શકતા હતા.

**દ્વારિકા નગરી**—શ્રી નેમિનાથપ્રભુના સમયે તે સમયના આત્માંગુલના ૧ યોજન=આજના સમયના આશરે ૭૨ માઈલ થાય છે. જેથી તે નગરી ૭૨×૯=૮૬૪ માઈલ લાંબી અને ૭૨×૯=૬૪૮ માઈલ પહોળી હતી. શ્રી નેમિનાથપ્રભુના દીક્ષા કલ્યાણકના પ્રસંગે નગરીની મધ્યમાં આવેલા મહેલમાંથી વરઘોડો ચડાવીને લગભગ સાડા ત્રણસો માઈલ દૂર આવેલા નગરના કોટના દરવાજામાંથી નગરીની બહાર નીકળીને ત્યાંથી ઈશાન દિશામાં આવેલા શ્રી ગિરનાર તીર્થની તળેટી પાસે આવેલા સહસ્રામ્ર વનમાં દીક્ષા અંગી-

કાર કરી હતી. ત્યાર બાદ નગરજનો પોતપોતના સ્થાનકે તે જ દિવસે પહોંચી ગયા હતા. અલબત્ત તે સમયે મનુષ્યની ઊંચાઈ ૧૦ ધનુષ=૪૦ હાથ શ્રી મહાવીર સ્વામી પ્રભુના સમય કરતાં લગભગ ૭ ગણી) હોવાથી ચાલવાની શક્તિ પણ ઘણી વિશેષ હતી. આ હકીકત પણ સ્પષ્ટ કરે છે કે શ્રી મહાવીર સ્વામી પ્રભુના સમય કરતાં પણ શ્રી આદિનાથ પ્રભુના સમય સુધી દરરોજના ચાલવાની શક્તિ ઉત્તરોત્તર વધુ ને વધુ હતી.

**દ્વારિકામાં ૫૬ કોટી યાદવોનો સમાવેશ**–હાલમાં આપણા માન્યામાં પણ ના આવે તેવી હકીકત આપણે જાણીએ છીએ કે શ્રી નેમિનાથપ્રભુના સમયમાં દ્વારિકા નગરીમાં ૫૬ કોટી યાદવો રહેતા હતા. આ હકીકત હાલના કાળમાં આપણી બુદ્ધિમાં બંધ બેસતી લાગતી નથી અને કેટલીક વખત આપણે કોટી શબ્દના જુદા જુદા અર્થ પણ તારવીયે છીએ. હકીકતમાં આ સ્થાને કોટી શબ્દનો અર્થ ક્રોડ જ થાય છે અને તે સમયે ૫૬ ક્રોડ યાદવો અને ૧૬ ક્રોડ બીજી પ્રજા મળીને દ્વારિકા નગરીના કોટના વિસ્તારમાં જ ૭૨ ક્રોડ માનવો રહેતા હતા–પરા વિસ્તાર સહિત દ્વારિકા નગરની કુલ વસ્તી ૧૨૦ કરોડની હતી. હવે આ ૫૬ ક્રોડ વસ્તી કેવી રીતે સમાઈ શકે તે જોઈએ. દ્વારિકા નગરી આત્માંગુલથી ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી એટલે ૮૬૪ × ૬૪૮ = ૫૫૯૮૭૨ માઈલ આશરે થાય. એટલે લગભગ સાડા પાંચ લાખ ચો. માઈલ ક્ષેત્રફળ થાય–હવે આજનું મુંબઈ શહેર આશરે લગભગ ૪૦ માઈલ લાંબુ

અને આશરે ૫ માઈલ પહોળું ૪૦×૫=૨૦૦ ચો. માઈલ ક્ષેત્રફળ થાય છે અને હાલમાં મુંબઈની વસ્તી આશરે ૭૦ લાખની છે. જો ૨૦૦ માઈલ ક્ષેત્રફળવાળા મુંબઈ શહેરમાં ૭૦ લાખ માણસો સમાઈ શકતાં હોય તો ૫૨ૄ લાખ માઈલ ક્ષેત્રફળવાળી દ્વારિકા નગરીમાં ૭૨ ક્રોડ માણસો સહેલાઈથી સમાઈ શકે છે જેમાં કોઈ જ આશ્ચર્ય જેવું નથી અને સાદી સમજુ બુદ્ધિથી પણ સારી રીતે સમજી શકાય તેવી જ આ હકીકત છે.

વસ્તુતઃ આપણે શાસ્ત્ર નિર્દિષ્ટ હકીકતો જો શાસ્ત્ર કથિત સિદ્ધાંતોના આધારે જ સમજવા પ્રયત્ન કરીએ તો દરેક હકીક્તો સારી રીતે સમજી શકાય તેવી જ છે. ફક્ત તે નિર્દેશોને આજની પ્રચલિત માન્યતાઓ તથા માપથી માપવી જોઈએ નહિ.

**મૂળ દ્વારિકા નગરીનું સંભવિત સ્થાન**–વૃદ્ધ પુરુષોની પાસેથી સાંભળવા મુજબ હાલમાં જે દ્વારિકા નગરી છે તે લગભગ ૨૭મી વખત વસેલી છે અગાઉની ૨૬ દ્વારિકાઓ દ્વૈપાયન દેવે (ઋષીએ) બાળેલી છે અને સમુદ્રે તેને બોળીને ઠારેલી છે. આ છવ્વીસે દ્વારિકા નગરી ખસતી ખસતી અલગ અલગ સ્થાને વસેલી હતી અને મૂળ દ્વારિકા નગરી આફ્રિકા ખંડના દક્ષિણ કિનારે આવેલ 'કેપ ગુડ હોપ' ભૂશિરથી ઘણે દૂર નૈઋત્ય ખૂણે આવેલી હોય તેમ જણાય છે. આ દ્વારિકા નગરી જવાના રસ્તામાં વચમાં જ **તારાતંબોળ** નગર આવેલું હોવાની ખાસ ધારણા છે વિ. સંવત ૧૮[illegible]૫ લગભગ શ્રી પદ્મશી શેઠ, તથા વિક્રમના ૧૭મા સૈકામાં (વિ. સં. ~~[illegible]~~)

૧૬૮૫

એક બુલાખીદાસ નામે ખત્રી દ્વારા, એ વખત મુસાફરીના અહેવાલ વાંચતા ત્યાં તારાતંબોળ નગરીમાં ૭૬૦ શિખરબંધી શ્રી જૈનમંદિરો તથા યાદવવંશી રાજા વિગેરેની વિગતો તથા મુસાફરીના માર્ગ ઉપરથી લાગે છે કે તારાતબોળ નગર દ્વારિકા જવાના માર્ગમા હોવું જોઈએ. વળી ત્યાં યાદવવંશી રાજા હોવાથી એ અનુમાન વધુ પ્રમાણભૂત લાગે છે. કારણ કે આજથી પંદરસો વર્ષ પહેલા ભારતમાં કોઈ યાદવવંશી પ્રજા જણાતી નથી અને હાલમાં કચ્છ તથા સૌરાષ્ટ્રમાં વસતા તેમજ જુનાગઢના રાજાઓ 'રા'ખેંગાર, રા'નવઘણ, રા'વિશ્વવિરાહ વિગેરેના પૂર્વજો ઈ સ.ના સાતમા સૈકા સુધી મિશ્ર દેશ (મિસર–ઈજિપ્ત)ના શોણિતપુર (લોહ-કોટ) નગરમાં વસતા હતા અને શ્રી મહમદ પયગંબર સાહેબના સમયમાં શ્રી દેવેન્દુ નામે રાજા રાજ કરતા હતા અને આરબો સાથેની લડાઇમાં તેમના હારી ગયેલા પુત્રો ગજપત, નરપત અને ભૂપત નામનાં ત્રણ પુત્રોએ ભારતમાં આવીને વસવાટ કરેલો છે અને સૌરાષ્ટ્ર તથા કચ્છમા ન.. સમગ્ર ભારતમાં ફેલાયેલા યાદવો આ ગજપત–નરપત અન ભૂપતના જ વારસો તરીકે વૃદ્ધિ પામેલા છે.

## આરબ અને યાહુદી
## યાદવ કુળના વંશજો હોવાની સંભાવના

વળી આરબો અને યાહુદીઓ એક જ વંશમાંથી ઉતરી આવેલા છે અને તેઓના પૂર્વજો યાદવ કુળમાંથી ઉતરી આવેલા હોય તેમ જણાય છે. સાંભળવા અને

જાણવા મુજબ આરબો શ્રીકૃષ્ણને પોતાના પૂર્વજ તરીકે માને છે અને કેટલાક અરબી મુસ્લીમો શ્રીકૃષ્ણનો ફોટો પણ ઘરમાં રાખે છે તથા ફોટા સન્મુખ ધૂપ અને દીવો પણ કરે છે. (આ હકિકત એક મુસ્લીમ કામદાર તરફથી જાણવા મળી છે.)

**શ્રી જીવત સ્વામિ પ્રભુની પ્રતિમા**—જે હાલમાં મહુવા શહેર (બંદર) માં બિરાજમાન છે તે પ્રતિમાજી શ્રી મહંમદ પયગંબર સાહેબના સમય સુધી મક્કા શહેરના એક મંદિરમાં બિરાજમાન હતા. અને અરબસ્તાનમાં ધર્મપરિવર્તન થવાથી મહુવા બંદરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે. (આ હકિકત પણ એક જૈન પુસ્તક કે જેનું નામ હાલ મને યાદ નથી તે પુસ્તકમાં વાંચવામાં આવેલી હતી.)

આ સઘળી હકિકતોનો સમગ્ર રીતે વિચાર કરતાં જણાય છે કે મૂળ દ્વારિકાનું પતન થવાથી ત્યાંથી બચેલી શેષ પ્રજાએ સ્થળાંતર કરતાં કરતાં તારાતંબોળ નગરીમાં વસવાટ કરેલો હોય અને ત્યાંથી પણ કેટલીક પ્રજા કાળાંતરે આગળ વધીને મિશ્ર (મિસર-ઈજિપ્ત) દેશમાં વસવાટ કરીને રાજ્ય સ્થાપ્યું હતું અને ત્યાંથી ઈસ્લામ ધર્મ નહિ સ્વીકારનાર યાદવો ઈ. સ. ના સાતમા-આઠમાં સૈકામાં ભારતમાં આવીને વસેલા છે તેમજ કચ્છ તથા સૌરાષ્ટ્રમાં પોતાના રાજ્યોની સ્થાપના કરેલી છે. કચ્છમાં લાખો ફુલાણી અને સૌરાષ્ટ્રમાં વિશ્વવરાહ, ચંદ્રચુડ, રા' ગૃહરિપુ-રા' નવઘણ-રા 'ખેંગાર વિગેરે રાજાઓ આ વંશમાં પ્રખ્યાત થઈ ગયા છે.


## ગણતંત્રનો ભ્રમ—ઈતિહાસનો એક ભ્રમ

બૌદ્ધ કથાનકોના આધારે પરદેશીઓએ પોતાના સ્વાર્થ ખાતર એક એવો ભ્રમ ફેલાવેલો છે કે વૈશાલિનું રાજ્ય પ્રજાએ ચુંટી કાઢેલા પ્રતિનિધીઓ મારફત ચાલતું એક ગણરાજ્ય હતું. પરંતુ આ હકિકત સાચી નથી. સાચી હકિકત તો એ છે કે વૈશાલિનું રાજ્ય રાજાસત્તાક જ હતું અને શ્રી ચેડા મહારાજા (શ્રી ચેટક મહારાજ) તેના સ્વતંત્ર રાજવી હતા. તે સમયે તેમની પડોશમાં ૯ મલ્લવી અને ૯ લિચ્છવી રાજ્યો હતા. આ ૯ મલ્લવી તથા ૯ લિચ્છવી અને એક વૈશાલિનું એમ કુલ ૯+૯+૧= કુલ ૧૯ રાજ્યોના રાજવીઓએ એક રાજવી મંડળ (નજદીકના ભૂતકાળમાં સૌરાષ્ટ્રના રાજવીઓએ એક ફેડ-રેશન બનાવેલું તેવી રીતે) બનાવેલું હતું અને શ્રી ચેટક મહારાજ આ રાજવી મંડળના (ગણતંત્રના) પ્રમુખ હતા. આ ૧૯ રાજ્યોનો એક ગણ કહેવાતો હતો અને ૧૯ રાજ્યો ગણતંત્રના સભ્ય હતા. પરંતુ આમાંથી કોઈ પણ રાજવી પ્રજા દ્વારા ચુંટાએલો નહોતો પરંતુ મોટે ભાગે બધા વારસાગત જ હતા. અને આ ઓગણીસે રાજ્યો પ્રજાસત્તાક નથી પરંતુ રાજાસત્તાક જ હતા. પરંતુ બૌદ્ધ કથાનકનો લાભ લઈને પરદેશીઓએ પોતાના સ્વાર્થની ખાતર જ વૈશાલિનું રાજ્ય પ્રજા દ્વારા ચુંટાયેલા પ્રતિનિધી મારફત ચાલતું પ્રજાસત્તાક (ગણતંત્ર) હોવાનો માત્ર ભ્રમ જ ફેલાવેલો છે.

### શ્રી જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રની કિંચિત્ રૂપરેખા :

| ક્ષેત્રનું નામ | પૂર્વ–પશ્ચિમ લંબાઈ | ઉત્તર દક્ષિણ લંબાઈ | ક્ષેત્રફળ આશરે | દેશોની સંખ્યા | આર્ય દેશોની સંખ્યા | અનાર્ય દેશોની સંખ્યા | એક દેશનું સરેરાશ ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|---|---|
| જમ્બૂદ્વીપ | ૧૦૦૦૦૦ યોજન | ૧૦૦૦૦૦ યોજન | — | — | — | — | — |
| ભરતક્ષેત્ર | ૧૪૪૭૧ યો. આશરે | ૫૨૬ યોજન ૬ કળા | ૫૩૦૦૦૦૦ યો.થી અધિક | ૩૨૦૦૦ | ૨૫$\frac{1}{2}$ | ૩૧૯૭૪$\frac{1}{2}$ | — |
| દક્ષિણાર્ધ ભરતક્ષેત્ર | ૯૫૫૦ યો. આશરે | ૨૩૮ યોજન આશરે | ૧૮૦૦૦૦૦ યો.થી અધિક | ૧૬૦૦૦ | ૨૫$\frac{1}{2}$ | ૧૫૯૭૪$\frac{1}{2}$ | — |
| દક્ષિણ ભ.નો મધ્યખંડ | ૩૦૦૦ યો. આશરે | ૨૩૮ યોજન આશરે | ૭૦૦૦૦૦ યો.થી અધિક | ૫૩૨૦ | ૨૫$\frac{1}{2}$ | ૫૨૯૪$\frac{1}{2}$ | ૧૪૦ યોજન આશરે |
| વર્તમાન દૃશ્ય જગત | ૬ યો. આશરે ૨૦૦૦૦ માઈલ આશરે) | ૬ યો. આશરે (૨૦૦૦૦ મા. આશરે) | ૩૫થી ૪૦ યો. આશરે | કોઈ એક દેશનો ભાગ | થી પણ અલ્પ | | |

પૂર્વ-પશ્ચિમ ૧૦૦૦ યોજન




૫૦૦ + ૧૦૦૦ + ૫૦૦ = કુલ ૨૦૦૦ યોજન

આ પ્રમાણે હિમવન્ત પર્વત ઉપર ગંગા-સિન્ધુ નદી વચ્ચેનું પૂર્વ-પશ્ચિમ અંતર ૨૦૦૦ યોજન થાય છે. જે અંતર હિમવન્ત પર્વત ઉપરથી નીચેના પ્રતાપકુંડોમાં પડીને તેમાંથી બહાર નીકળીને ભરતક્ષેત્રમાં જેમ જેમ આગળ વધે છે તેમ તેમ એ નદીઓ વચ્ચેનું અંતર પણ વધતું જાય છે. દક્ષિણ ભરતમાં પ્રવેશ થાય, ત્યાં આ અંતર ૩૦૦૦ યોજનથી પણ અધિક હોવાનો સંભવ છે. આ બે નદીઓ વચ્ચેનો ખંડ તે મધ્યખંડ છે. આ રીતે મધ્યચંડ પૂર્વ-પશ્ચિમ આશરે ૩૦૦૦ યોજન લાંબો અને ઉત્તર-દક્ષિણ ૨૩૮ યોજન ૩ કળા છે.

ક્ષેત્રો, પર્વતો, નદીઓ તથા દેવ વિમાનો આદિ શાશ્વતી વસ્તુઓના માપ પ્રમાણાંગુલથી ગણવામાં આવે છે. પ્રમાણાંગુલ યોજન=૧૬૦૦ ઉત્સેધાંગુલ, ગાઉ=૩૬૦૦ માઇલ આશરે, કિલોમીટર ૫૭૬૦ આશરે.

| આરાના અંત ભાગમાં | આરાના પ્રારંભમાં | શ્રી ગિરનારજી તીર્થ વિસ્તાર | શ્રી સિદ્ધચળજી વિસ્તાર | મહાતીર્થ ઊંચાઈ |
|---|---|---|---|---|
| — | પહેલા | ૩૬ યોજન | ૮૦ યોજન | ૨૬ યોજન |
| પહેલા | બીજા | ૨૦ યોજન | ૭૨ યોજન | |
| બીજા | ત્રીજા | ૧૬ યોજન | ૬૦ યોજન | |
| ત્રીજા | ચોથા | ૧૦ યોજન | ૫૦ યોજન* | ૧૨ યોજન |
| ચોથા | પાંચમા | ૨ યોજન | ૧૨ યોજન* | |
| પાંચમા | છઠ્ઠા | ૧૦૦ ધનુષ્ય | ૭ હાથ | |

* શ્રી સિદ્ધાચળજી મહાતીર્થના ચોથા આરાના સમયને ૫૦ યોજન વિસ્તાર ભૂમિમાંથી પાંચમાં આરામાં ૧૨ યોજન ભૂમિ તીર્થ સ્વરૂપે રહી. બાકીની છૂટી પડેલી ભૂમિના આસપાસના કેટલાક પ્રદેશોમાં જળપ્રલય થતાં ત્યાંના નાગરિકો તીર્થની છુટી પડેલી ભૂમિના ઉચ્ચ પ્રદેશો ઉપર આવીને વસવાટ કર્યો તે આધુનિક દૃશ્ય વર્તમાન જગત એશિયા, યુરોપ, આફ્રિકા, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા, ઓસ્ટ્રેલિયા તથા દક્ષિણ ધ્રુવખંડ, આટલાંટિક અને પેસિફિક મહાસાગર આદિ.

### વર્તમાન દૃશ્ય જગતનું સંભવિત સ્થાન :

દક્ષિણ ભરતક્ષેત્રના મધ્યખંડના મધ્યભાગે રહેલા બૃહદાર્યાવર્તના દક્ષિણદિશાના અન્તભાગે રહેલ શ્રી સિદ્ધિગિરિરાજ મહાતીર્થની રક્ષા નિમિત્તે શ્રી સગરચક્રવર્તીએ લાવેલ લવણસમુદ્રનું જળ સિદ્ધાચળજી મહાતીર્થની ચારેબાજુના ભૂમિપટ ઉપર વિસ્તાર પામેલ. તેમાં કેટલાક ઉચ્ચભૂમિભાગવાળા પ્રદેશોમાંના લગભગ ૨૦૦૦૦ ( વીશહજાર ) માઈલના એક ઉચ્ચભૂમિભાગવાળા પ્રદેશ ઉપર વર્તમાન દૃશ્ય જગત વસેલું છે.

### દ્વારિકા નગરીની જનસંખ્યા :

| કોટની અંદર જનસંખ્યા | | પરાંઓની જનસંખ્યા | સર્વ જનસંખ્યા |
|---|---|---|---|
| યાદવોની સંખ્યા | ૫૬ ક્રોડ | ૪૮ ક્રોડ | — |
| અન્ય જનસમુદાય | ૧૬ ક્રોડ | | |
| કુલ | ૭૨ ક્રોડ | ૪૮ ક્રોડ | કુલ ૧૨૦ ક્રોડ |

### દ્વારિકા નગરીનું ક્ષેત્રફળ :

આશરે ૮૬૪ માઈલ લંબાઈ × આશરે ૬૪૮ માઈલ પહોળાઈ = આશરે ૫૫૯૮૭૨ ચોરસ માઈલ ક્ષેત્રફળ.

### મુંબઈ શહેરનું ક્ષેત્રફળ :

આશરે ૪૦ માઈલ લંબાઈ × આશરે ૫ માઈલ પહોળાઈ = આશરે ૨૦૦ ચોરસ માઈલ ક્ષેત્રફળ.

### મુંબઈ શહેરની જનસંખ્યા :

વિક્રમ સંવત્ ૨૦૩૫માં લગભગ સિત્તેર લાખ.

૨૦૦ ચો. માઈલના ક્ષેત્રફળમાં ૭૦ લાખ માણસોનો સમાવેશ થાય, તો આશરે સાડા પાંચ લાખ ચો. માઈલ ક્ષેત્રફળમાં ૧૨૦ ક્રોડ મનુષ્યોનો કેમ સમાવેશ ના થઈ શકે ?

## નગરીનો વિસ્તાર :

| નગરીનું નામ | પૂર્વ-પશ્ચિમ લંબાઈ યોજન | ઉત્તર-દક્ષિણ પહોળાઈ યોજન | પૂર્વપશ્ચિમ લંબાઈ માઈલ આશરે | ઉત્તરદક્ષિણ પહોળાઈ માઈલ આશરે | એકઆત્માંગુલ બરાબર આશરે માઈલ |
|---|---|---|---|---|---|
| શ્રી ઋષભદેવજી પ્રભુના સમયની અયોધ્યા | ૧૨ | ૯ | ૪૩૨૦૦ | ૩૨૪૦૦ | ૩૬૦૦ |
| શ્રી શાંન્તિનાથજી પ્રભુના સમયની હસ્તિનાપુર | ૧૨ | ૯ | ૩૪૫૬ | ૨૫૯૨ | ૨૮૮ |
| શ્રી રામચંદ્રજીના સમયની અયોધ્યા | ૧૨ | ૯ | ૧૨૯૬ | ૯૭૨ | ૧૦૮ |
| શ્રી નેમિનાથજી પ્રભુના સમયની દ્વારિકા | ૧૨ | ૯ | ૮૬૪ | ૬૪૮ | ૭૨ |
| શ્રી મહાવીરસ્વામિજી પ્રભુના સમયની રાજગૃહી | ૧૨ | ૯ | ૨૧૬ | ૧૬૨ | ૧૮ |

નગરીઓનાં માપ આત્માંગુલથી ગણવામાં આવે છે.

# શ્રી યુગપ્રધાનો વિષેની અગત્યની સમજ

| નામ | જન્મ | દીક્ષા | યુગપ્રધાન | કાળધર્મ | હાલવિક્રમ |
|---|---|---|---|---|---|
| | —વિક્રમ | સંવતમાં-- | | | સં.૨૦૩૫માં |
| શ્રી જિનદાસસૂરિજી | ૧૯૮૬ | ૧૯૯૫ | ૨૦૨૮ | ૨૦૩૮ | યુગપ્રધાન અવસ્થામાં |
| શ્રી ધર્મદાસસૂરિજી | ૧૯૯૪ [redacted] | ૨૦૦૮ | ૨૦૩૮ | ૨૦૫૦ | મુનિપણામાં |
| શ્રી સૂરપ્રભસૂરિજી | ૨૦૦૦ | ૨૦૧૫ | ૨૦૫૦ | ૨૦૬૮ | મુનિપણામાં |
| શ્રી રક્ષિતસૂરિજી | ૨૦૨૭ | ૨૦૪૦ | ૨૦૬૮ | ૨૦૮૭ | ગૃહસ્થપણામ |

ઉપર્યુક્ત મહાપુરુષો હાલમાં બૃહદાર્યાવર્તના દેશોમાં વિચરી રહ્યા છે.

# શ્રી તારા તંબોલનો કાગળ

આ પત્ર નીચે જણાવેલ પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત કરેલ છે. શરૂઆતના લેખોમાં જૂદે જૂદે સ્થળે તારા તંબોલનો ઉલ્લેખ આવે છે તેથી વાંચકોને તારા તંબોલની વિસ્તૃત અને સત્ય વિગતો જાણવા મળી શકે તે ધ્યાનમાં રાખીને આ લેખ અત્રે આપવાનું યોગ્ય ગણ્યું છે.

—સંપાદક

**મૂળ પુસ્તકની વિગત**

રસિક સ્તવનાવલી ભા. ૧–૨–૩ ની આવૃત્તિ બીજી
સંવત–૧૯૮૩ : પ્રત-૨૦૦૦ : મુલ્ય- ૭ આના
છપાવી પ્રસિદ્ધ કરનાર : આર. વાડીલાલની કંપની, ઘીકાંટા રોડ, અમદાવાદ.
( નીચેનું લખાણ પુસ્તકમાં પાના નં ૧૮૭ થી ૧૯૧ )

## શ્રી તારા તંબોલનો કાગળ

સ્વસ્તિ શ્રી સદા હું પાણીપંથા થકી ભાઈ રતનચંદ ચરણાન શ્રી ગામ હેદરાબાદથી લી. ભાઈ પદમશીના પ્રણામ વાંચજોજી જત અતરે ખેમકુશલ છે તમારી ખેમખુશાલીના કાગળ લખવાજી અપરંચ બીજુ સમાચાર એક પ્રીછજોજી અમો અમારા પરીવાર સમક્ષ લઈ સં. ૧૮૦૫) મધે દેવ દેસાંતર જાત્રા કરવા ગયાં હતા તેની હકીગત લખી છે તે વાંચોજી પરથમ શ્રી અમદાવાદ થકી શ્રી તારા તંબોલ સેહેર કોસ ૪૦૦૦) તેની વીગત શ્રી અમદાવાદ થકી આગ્રા કોસ ૩૦૦) છે તે આગ્રા થકી કોસ ૩૦૦) લાહોર છે તીહાં થકી કોસ ૧૫૦) મુલતાન છે તીહાં થકી કોસ ૯૦૦) આસાપુરી નગરી તેનો બજાર કોસ ૧૨ાા છે ને તીહાં થકી કોસ ૨૦૦૦) તારા તંબોલ શેહેર છે પરથમ હજી

ગત પાણી પંથ થકી ધુમટ સમજનની મુરતી કોસ–૨૬૦૦) છે પરવત ઉપર અને મુરતી અધર છે શ્રી ધુમટ સમજનની મુરતી ચોવડી હાથ ૨૮) ને ઉંચી પણ હાથ ૩૮) છે તેના પગના નખ ઉપર શ્રીફલ નંગ ૨૮) રહે છે. તેની જાત્રા કરી ને અમો આગળ ચાલ્યા તીહાં થકી કોસ ૬૦૦) ગયા તીહાં તલાવ નંગ ૧) મોટું આવ્યું તીહાં તે તલાવનું માન કોસ ૧૨) નું છે તેના વચમાં શ્રી અજીતનાથ સ્વામીનું દેહેરૂં છે તીહાં અમો નાવડા મધે બેસીને દરસન કરવા ગયા તીહાં જીન પરતમા ચોવડી હાથ ૬) છે ને ઉંચી પણ હાથ ૧૦) છે તેની જાત્રા કરી અમો આગલ ચાલ્યા તીહાં થકી તલગાપુર નગર કોસ ૫૦) છે તીહાં અમો ગયા તીહાં જીન પરસાદના દેહેરાસર નંગ ૨૮) તીહાં શ્રી ચંદણ પ્રભુનું દેહેરૂં મોટું છે તે દેહેરા મધે પરતમાઓ નંગ ૧૦૨૮) છે તેના દરસન કરી અમો આગળ ચાલ્યા તીહાં થકી કોસ ૭૦૦) ગયા તીહાં આગલ તલગાટીનો મુલક આવ્યો તીહાં એક લખપુર પાટણ છે તેની આગળ તારા તંબોલ સેહેર છે તે નગર મોટું છે. કોસ ૪૦૦) લાંબુ છે તે નગરનો કોટ લોહાનો છે ને રાજાના મેહેલનો કોટ સફેત ધાતુનો છે. તીહાં રાજાનું નામ શ્રી ધીરજી મહારજી સુરસંગા વરધમાન રાજ કરે છે તીહાં વેપારી લોક હીરા માણેક મોતી ઝવેર રૂપુ કાપડ વીસે સરવ આપ આપણા ઘેર જાય છે તે મધે કોઈ કોઈની વસ્તુ લઈ જતું નથી. પણ એહેવા લોક મોટા ધરમી છે તે નગરનો બજાર કોસ ૬૦) નો છે તીહાં નગર મધે જૈનના મંદરના દેરાસર નંગ ૭૦૦) છે તીહાં રાજા પરજા સરવે જૈન ધરમી છે જૈન સીવાય બીજા દેવને કોઈ માનતું નથી તે નગર મધે દેવલ નંગ ૧) મોટું છે તેમાં પરતમાઓની ગણતની વીગત લખી છે.

૪૦૯૦) પરતમાઓ લીલા માણેકની છે.
૧૫૦૦૦) પરતમાઓ સફેત પાષાણની છે.
૫૪૫) પરતમાઓ નીલા રતનની છે.
૪૮૭) પરતમાઓ કાલા રતનની છે.
૧૧૯૦) પરતમાઓ કેસર વરણી રતનની છે.
૩૪૮૬) પરતમાઓ ધાતુની છે.
૧૩) પરતમાઓ ગુમદ રતનની છે.
૧૬) પરતમાઓ બાવન ચંદનની છે.
૪) પરતમાઓ નીલા રતનની જ છે એક આંગળ પરમાણે છે.
૬) પરતમાઓ પસરજીની એક આંગલ પરમાણે છે.
૧) પરતમાઓ મોતીની છે.
૯) પરતમાઓ માણેકની છે આંગલ ૬) પરમાણે.
૪) પરતમાઓ હીરાની છે આંગલ એક પરમાણે.
૫) પરતમાઓ વરણીઆ છે આંગલ એક પરમાણે.

એ રીતે પરતમાઓ નં. ૨૪૭૬૪) અંકે ચોવીસ હજાર સાતસે ચોસઠ છે એક દેરાસર મધે છે તીહાં રાજાના મેહેલ મધે મુકી છે તીહાં ચોક મધે શ્રી રીખવનાથ સ્વામીનું દેહેરૂં છે ને ઉંચુ એક જોજનનું ચોરકસનું છે તીહાં અકેકું દેસી મંડપમાં રાસી એક ને ચાર દેસી મંડપમાં રાસી મોરા છે ચાર તરફ છજાને પરસાદના દેહેરાસરનું થાળું ત્રાંબા મધે બાંધેલું છે કોટના થંભ રૂપાના છે ને કાંગરા સોનાના છે બીજું સોનાના થંભ તથા રૂપાના કાંગરા છે તે જીન પરસાદનું સીંગાસણ સોનાનું તથા જડાઅનું છે તે સીંગાસણ ઉપર પરતમાના રણચાવ રતન છે તે પરતમાઓ પહોલપણમાં વરણ પ્રમાણે જુદી જુદી છે તે પરતમાનું વરણ રાતું તા. ધોલું તા. નીલું તા. કાલું તા. પીલું આપ આપના વરણ પ્રમાણે છે

તીહાં રાજા તરણ કાલ પુજા કરે છે તે રાજા બહુ ગુણી છે જૈન ધરમી છે સુમતાવતી તા. સીઅલવતી તા. જસવતી તા. ગુણવતી તા. સરવતી સરવ ગુણકારી છે બીરાજમાન છે તે નગર મધે અમો દન ૪૨) રહ્યા છીએ તીહાં બીજા દેવલ છે તીહાં ગયા તે મધે પરતમાઓ સોવરણ જડાબની છે એના ગણીતની પરતમાઓ નં. ૧૩૨ છે. બીજું પરતમાઓ ૧૫૦) ફટક રતનની છે તે પરતમાઓના અમો દરસન કર્યા છે તે નગર મધે સેવડાની મુરતી દેખી મહા ધરમ ધન તા. ગાંનનંગણ પઝપ સઘલી વાત મધે પુરી સરવ ગુણ સંપુરણ છે તીહાં થકી કોસ ૩૦) જૈન મંદીર તામલબંદરી નામના ગ. ૨ આવ્યા તહાં જૈન મંદીરના ભંડાર મધે દ્રવ્ય ૯૦૦૦૦૦૦૦૦ અંકે નેવું કરોડનો દ્રવ્ય છે જે વના દેવલ બીજા દેવલ ધરવ છે એક ધરમ તા. એક લાખની ચાલીવ છે બીજું ગર નથી નાસ સલખાની એક લાખ ને એસી હજાર છે તે આર નથી ગઠ તરબ છે પણ એવા પડીના કોઈ વાંચે એવા નથી તે નગરના વન મધે સાપ તા. વાઘનો ભોઓ ઘણો છે તીહાં રીખવનામી જતી રહે છે તેની વરસની ઉમર ૯૦) ની છે તે સાંજ ઉપર ભીક્ષા માગવાને કાજે નીકલે છે તે જોગી અહાર મળે તો લે છે નકર લેતો નથી તે સાધુજીના અમો દરસન કરી તીહાં થકી કોસ ૬૫) ગંગાનામી નગર છે તે નગરના વન મધે શ્રી રીખવનાથ સ્વામીજીનું દેહેરૂ છે તીહાં પરભવચંદ્ર સાધુજી રહે છે તે સાધુજી માસ ૧) મધે વાર બે પારણું કરે છે જોગવાઈ આહાર મલે તો લેવા નહી તો બીજા મહીને આહાર લેવો એવા મુનીરાજના દરસન થયા છે તે થકી અમો આગલ જતા હતા. તે સાધુજીએ અમોને જવા દીધા નહી કહ્યું જે તમો આગળ જસો નહી તહાં થકી કોઈ આગળ જતું નથી તહાં થકી કોસ ૩૦૦) એકરંગો મલક આવ્યો એવી અમોને હકીગત કહી પરભવચંદ્ર સાધુજીએ કહી એટલે અમો સં. ૧૮૨૧) અસાડ માસ મધે અમો જાત્રા કરીને અમો પર આવ્યા છીએ આ કાગળ ભગવંતના ગુણનો (સંખ્યાનો) છે.